**સુવિચાર**

ચાર બાબતો જીવનને અતિ મૂલ્યવાન બનાવે છે.
પ્રેમ કરવો, આશા રાખવી, સહાય કરવી, સ્મિત કરવું.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૭/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ-પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અષાઢ વદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૧૭૯

## સુપડાધારે વરસાદ પડતાં ઠેકઠેકાણે કમરડૂબ પાણી ભરાયા

# અમરેલીમાં માત્ર ૧ કલાકમાં 3 ઈંચ વરસાદ

**શહેરનાં જાહેર માર્ગો નદીનાં સ્વરૂપમાં જોવા મળ્યા, થોડીવાર માટે સૌ ભયભીત બન્યા**

**સરદાર સર્કલ, ખાદી ભવન, ટાઉનહોલ, સુખનાથ રોડ સહિતનાં વિસ્તારોમાં પાણીનાં ઘોડાપુર**

**ટાઉન હોલ શોપિંગ સેન્ટરની દુકાનોમાં પાણી ઘુસી જતાં વેપારીઓમાં દોડધામ**

**જો કે થોડીવાર બાદ વરસાદે વિરામ લેતા સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો**







અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાંક સમયથી મેઘાએ મંડાણ કર્યા છે. ત્યારે છેલ્લા બે–ત્રણ દિવસથી ભારે બફારા બાદ આજે સાંજના સમયે અમરેલી શહેર ઉપર મેઘો ઓળઘોળ થઈ જતાં અને માત્ર ૧ કલાકનાં સમયમાં અનરાધાર ત્રણ ઈંચ વરસાદ પડી જતાં અમરેલી શહેરનાં રાજમાર્ગો તથા નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા અફડાતફડી મચી જવા પામી હતી. જો કે એક કલાક બાદ વરસાદે વિરામ લેતા ધીમે ધીમે માર્ગો ઉપરથી પાણીનો નિકાલ થઈ જવા પામ્યો હતો.

અમરેલી શહેરનાં ડો. જીવરાજ મહેતા ચોક, ભીડભંજન ચોક, ટાવર ચોક, હવેલી ચોક, ચિતલ રોડ, સરદાર સકલ, જુના સીટી પોલીસ સ્ટેશન, જુના માર્કેટયાર્ડ તથા સ્ટેશન રોડ ઉપર ગળાડૂબ પાણી ભરાયા હતા.ભીડભંજન ચોકમાં વરસાદી પાણીનાં કારણે ટાઉન હોલ શોપીંગ સેન્ટરની દુકાનોમાં પાણી ઘુસી જતાં વેપારીઓ પણ ભારે વરસાદથી મુશ્કેલીઓ મુકાયા હતા.

### સાવરકુંડલા નજીક આવેલ

# પિયાવા ગામે શિકાર પાછળ દોડતી સિંહણ ૧૫ ફૂટ ઉંડા કૂવામાં ખાબકી

**વનવિભાગે અંધારામાં રેસ્કયુ કરી સલામત બહાર કાઢી**



અમરેલી, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાનાં પિયાવા ગામે ગઈકાલે રાત્રીનાં સમયે એક સિંહણ પોતાની ભૂખ મીટાવવા માટે શિકાર પાછળ દોડતી હતી. ત્યારે અંધારામાં આ સિંહણ ૧૫ ફૂટ ઉંડા વરસાદી કૂવામાં ખાબકી હતી. આ બનાવ અંગે વન વિભાગને જાણ કરવામાં આવતા રાત્રીનાં સમયે જ અંધારામાં સિંહણને ૧૫ ફૂટ ઉંડા કૂવામાંથી સહી સલામત બહાર કાઢી જંગલ વિસ્તારમાં છોડી દેવામાં આવેલ હતી.

### ક્રિપ્ટો એપમાં પૈસાનું રોકાણ કરવાનાં નામે

# અમરેલીનાં વતની અને હાલ અમદાવાદ રહેતા વિપ્ર યુવકનાં રૂપિયા ૧૦.૭૨ લાખ ઓળવી જવાયા

**વિસાવદરનાં ભૂતડી ગામનાં ઈસમ સામે ફરિયાદ**

અમરેલી, તા. ૧૨

હાલમાં અમદાવાદ રહેતા અને મુળ અમરેલીનાં વતની એવા વિપ્ર યુવકને જુનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાનાં ભુતડી ગામનાં શખ્સે શેરબજારમાં તથા ક્રિપ્ટો એપમાં પૈસા રોકાવી દઈ અને સારૂ એવું પ્રોફીટ અપાવી દેવાનું જણાવી વિશ્વાસમાં લઈ વિપ્ર યુવકનાં રૂપિયા ૧૦,૭૨,૨૭૦ ઓળવી ગયાની ફરિયાદ અમરેલી સીટી પોલીસમાં નોંધાતા ભારે ચકચાર મચી જવા પામી છે.

આ બનાવમાં પ્રાપ્ત વિગત અનુસાર મુળ અમરેલીનાં વતની અને હાલ અમદાવાદ ખાતે રહેતા વિશ્વભાઈ ગુણવંતભાઈ રાજયગુરૂ નામનાં ૩૧ વર્ષિય વિપ્ર યુવકને ગત

**અનુસંધાન પાના ૬ ઉપર**

### અમરેલી જિલ્લામાં બોગસ તબીબો નામની સમસ્યા વધી રહી છે

# લીલીયામોટાનાં ભેંસવડી ગામેથી સ્પેશ્યલ ઓપરેશન ગૃપે બોગસ તબીબ મુકેશભાઈ ખસીયાને ઝડપી લીધા

**એલોપેથીક દવાઓ, મેડિકલને લગતા સાધનો પણ કબ્જે કરાયા**




અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં બનાવટી ચીજવસ્તુઓની સાથોસાથ હવે બનાવટી તબીબોએ પણ ઉપાડો લીધો હોય પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચનાથી સ્પેશ્યલ એપોરેશન ગૃપ દ્વારા એક બોગસ તબીબને ઝડપી લઈને નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવી છે.

લીલીયાનાં ભેંસવડી ગામે મહિલા ગૃહ ઉદ્યોગમાં "વૈદિક કિલનીક" નામે દવાખાનું ચલાવતા મુકેશભાઈ ઘેલાભાઈ ખસીયા રે. લોકોને એસઓજીએ તાલુકા આરોગ્ય અધિકારી અને ફાર્માસસ્ટ સાથે રેઈડ કરીને અટકાયત કરેલ છે.

મજકુર પકડાયેલ ઈસમ પાસેથી એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ કુલ નંગ–૧૨૫ કિંમત રૂા. ૬૩,૮૨૪નાં મુદામાલ સાથે પકડી પાડવામાં આવેલ છે. અને મજકુર પકડાયેલ ઈસમ વિરૂધ્ધ ગુનો રજી. કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે લીલીયા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આ કામગીરી પોલીસ અધિક્ષક હિમકરસિંહનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એસઓજી પોલીસ ઈન્સ્પેકટર એસ.જી. દેસાઈ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એચ.જી. મારૂ તથા એસઓજી ટીમના એએસઆઈ આર.બી. રાઠોડ તથા નાજભાઈ પોપટ તથા હેડ કોન્સ્ટેબલ ગોબરભાઈ લાપા, જીતેન્દ્રભાઈ મહેતા ધ્વારા કરવામાં આવેલ છે.



**નારી** વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર

દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...

**ડૉ. ચિરાગ કુબાવત** (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084

**ડૉ. ઉપાસના સી. કુબાવત**
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091

ઉપલબ્ધ સુવિધાઓ...
- નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
- પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી)
- 3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
- ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
- વંધત્વની વૈજ્ઞાનિક/ આધુનીક સારવાર/IUI
- ૨૪ કલાક કાર્યરત
- લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા

ઉપલબ્ધ સુવિધાઓ...
- રસીકરણ કેન્દ્ર
- નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
- આહાર સંબંધીત સમસ્યાઓ
- કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર
- જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર

ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮

જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

**નંદભુવન સોસાયટી**

ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે

સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે

સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક"

તૈયાર કબ્જો

૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે

બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૬૮ ૪૯૧૯૩ ■ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪




Monsoon
Special Offer



Chhole Puri
+ Dahi Puri
+ 2 Masala Chaas
+ 2 Almond Carnival Icecream Scoop

₹520/-
₹350/-

શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ

S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
02792-220867 - 95109 59954
સમય : સવારે 10:00 થી રાત્રે 11:00
ઓફર : 31-7-23 સુધી માન્ય

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# બગસરામાં બાઈક ચોરી કરનાર ૨ શખ્સોની પોલીસે અટકાયત કરી

## ચોરાયેલ બાઈક પણ કબ્જે લેવાયું

બગસરા, તા. ૧૨

બગસરા પંથકમાં ચોરી થયેલ બાઈક સાથે આરોપી વિરમ ઉર્ફે નાનુડો જેન્તીભાઈ સાથરીયા અને સાયરભાઈ કરસાંગીયાની અટકાયત કરેલ છે.

આ કામગીરીમાં બગસરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર આઈ.જે. ગીડા તથા સર્વેલન્સ ટીમના અના.હેડ કોન્સ્ટેબલ કુલદીપભાઈ દેવભડીંગજી તથા હેડ કોન્સ્ટેબલ આલકુભાઈ વાળા તથા પોલીસ કોન્સ્ટેબલ અજયદાન લાંગાવદરા તથા પોલીસ કોન્સ્ટેબલ જયદીપભાઈ



મકવાણા તથા જયરાજભાઈ ગીડા તથા પોલીસ કોન્સ્ટેબલ કૈલાસબેન આદ્રોજા તથા બગસરા પોલીસ સ્ટાફ જોડાયેલ હતા.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# ધારીનાં સોની વેપારી સાથે છેતરપીંડી કરનાર શૈલેષ ઉંધાડની અટકાયત કરાઈ

## ગણતરીનાં કલાકોમાં જ આરોપી પોલીસ સકંજામાં

અમરેલી, તા. ૧૨

ભગવાનની સુવર્ણ રજત તુલા કરવાનું કહી ધારીના સોની તથા મહંતને વિશ્વાસમાં લઈ સોના/ચાંદીના ઢાળીયા કિં.રૂા.૧૨,૩૫,૦૦૦/– છેતરપિંડીથી મેળવી ફરાર થયેલ આરોપીને અમરેલી એલ.સી.બી.એ પકડી લીધેલ છે.

વિગત એવા પ્રકારની છે કે ગત તા.૭ નાં રોજ ધારી, સ્વામીનારાયણ મંદિરમાં શૈલેષ છગનભાઈ ઉંધાડ (રહે.સુરત) હરિભકત બનીને આવેલ અને ભગવાનને સુવર્ણ તથા રજત તુલા કરવાનું મંદિરના કોઠારી સ્વામીને કહેલ અને કોઈ મંદિર સંલગ્ન સોની વેપારી હોય તો સોનું/ચાંદી લઈ આવવા અને જે પૈસા થાય આપી દેવાનું કહેતા, કોઠારી સ્વામીએ સોની વેપારી દિવ્યેશભાઈ જીતેન્દ્રભાઈ સીધ્ધપુરા, (રહે.ધારી) વાળાને ફોન કરી વાત કરેલ, દિવ્યેશભાઈ પોતાની ધારીમાં આવેલ એન.ડી.એસ. સોનાની દુકાનમાંથી ચાંદીના ઢાળીયા નંગ– ૬ કિંમત રૂા. ૧,૯૮,૦૦૦ તથા સોનાના ઢાળીયા નંગ – ૪ કિંમત રૂા. ૧૦,૩૭,૦૦૦ મળી કુલ કિમત રૂા. ૧૨, ૩૫,૦૦૦ ના લઈ અને મંદિરે ગયેલ હતાં.

આરોપી શૈલેષ છગનભાઈ ઉંધાડે ભગવાનની સુર્વણ/રજત તુલા કરેલ, અને બાદમાં બૈરાઓને દર્શન કરવા છે. તમો બધા બહાર આવતા રહો તેમ કહેતા, કોઠારી સ્વામી તથા સોની વેપારી ઓફીસમાં આવતા રહેલ, અને ઘણીવાર લાગતા અને આરોપી ઓફીસમાં નહી આવતા મંદિરમાં



જોતા આરોપી સોની વેપારી પાસેથી લીધેલ સોના ચાંદીના ઢાળીયા લઈ ફરાર થઈ ગયેલ હતો. જે અંગે દિવ્યેશભાઈએ ધારી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતાં આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦બી મુજબ ગુનો દાખલ થયેલ.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહએ મિલકત સબંધી ગુનાઓ આચરતા ઈસમોને પકડી પાડી, મુદ્દામાલ રીકવર કરી તેના મુળ માલિકને મિલકત પાછી મળે તે માટેના સઘળા પ્રયત્નો કરવા માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે ઉપરોકત ગુનો કરી નાશી જનાર આરોપી શૈલેષ છગનભાઈ ઉંધાડ, (રહે. થાણા ગાલોળ, તા.જેતપુર) વાળાને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે પકડી પાડી, આગળની કાર્યવાહી થવા ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

# ઉનાના સીમાસી ગામે એસ.ટી. બસ અનિયમિત આવતા વિદ્યાર્થીઓમાં રોષ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૨

ઉના તાલુકાના સીમાસી ગામેથી વિદ્યાર્થીનીઓ ડોળાસા હાઈસ્કૂલમાં ભણવા જતા હોય છે. ત્યારે તેઓ માટે સવાર અને સાંજ એસ.ટી. બસ એક જ હોવાથી બાળકોને છકડો રીક્ષા, ટેમ્પો અને ખુલ્લા વાહનોમાં મુસાફરી કરવાની ફરજ પડે છે. એક માત્ર એસ.ટી. બસ પણ સમયસર દોડતી ન હોવાને લીધે વિદ્યાર્થીઓનો અભ્યાસ પણ બગડે છે. સીમાસીથી ડોળાસા અને ડોળાસા થી સીમાસી ગામે આવતા જતાં તમામ છાત્રો માટે સવારે ૧૦:૩૦ વાગ્યાનો સમય હોય બસ ૧૧:૩૦ કલાકે આવે છે. જેથી સ્કૂલ સમય પછી બસ આવે છે. તેથી પ્રથમ પીરીયડ ભરાતો નથી. જેને લઈ આજરોજ સીમાસી ગ્રામ પંચાયત અને વિદ્યાર્થીઓ દ્વારા ઉના એસ.ટી. વિભાગને રજૂઆત કરી શાળાના સમયે બસ શરૂ કરવા માંગ કરાઈ હતી.

# સાવરકુંડલાના મોમાઈપરામાં બાળકોને ડીશનું વિતરણ



સાવરકુંડલા, તા. ૧૨

બાળકએ ઈશ્વરનું રૂપ છે જે બાબતને ચરિતાર્થ કરતા મોમાઈપરા વિસ્તાર જેસર રોડ પર રહેતા પરમિતાબેન, ધુપલબેન અને નીલમબેને તે વિસ્તારના આંગણ વાડીના બાળકો અને મુખ્ય કાર્યકર્તા રેખાબેન પરમારને મળી બાળકોને પોતાની માતા સ્વ.રેખાબેન ગોરધનભાઈ ચોરવાડીયાની તિથિ નિમિત્તે ૫૦ ડીશ સેટ ભેટ આપી સાચાઅર્થ તિથિ ભેટ અર્પણ કરી હતી.

### વેપારી મુકેશભાઈ ભડીયાદ્રા દ્વારા ફરિયાદ

# દામનગર : જવેલર્સની દુકાનમાં વેપારીની નજર ચુકવી ૯૦ ગ્રામ ચાંદીનાં છડાની ચોરી

## એક અજાણી સ્ત્રી તથા એક પુરૂષની અટકાયત

અમરેલી, તા. ૧૨

દામનગર ગામે રહેતા અને લુહાર શેરીમાં શિવ જવેલર્સ નામની દુકાન ધરાવતાં પાર્થભાઈ મુકેશભાઈ ભડીયાદ્રા નામનાં વેપારીની દુકાનમાં ગત તા. ૫ નાં રોજ બે અજાણી મહિલા તથા ૧ અજાણ્યા પુરૂષે દુકાનમાં ગ્રાહક બની આવી દુકાનદારને પુરૂષે વાતોમાં રાખી તથા મહિલાઓ સોના–ચાંદીના દાગીનાઓ જોઈ વેપારીની નજર ચુકવી ચાંદીના છડા જોડી–૧ વજન આશરે ૯૦ ગ્રામ કિંમત રૂપિયા ૭ હજારનાં ચોરી કરી લઈ ગયાની ફરિયાદ દામનગર પોલીસમાં નોંધાઈ હતી.

આ અંગે દામનગર પોલીસે સીસીટીવીનાં કુટેજનાં આધારે તપાસ



હાથ ધરી ગારીયાધાર તાલુકાનાં નવાગામ ગામેથી ભાવેશભાઈ કાળુભાઈ વાઘેલા તથા કંચનબેન ભાવેશભાઈ વાઘેલા નામનાં એક મહિલા તથા ૧ પુરૂષની અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### રાજુલા નજીક આવેલ

# ડુંગર રોડ ઉપર સ્કૂલ સંચાલકને ૪ જેટલા અજાણ્યા ઈસમોએ માર મારી ઈજા કરી

## કારમાં આવેલા ૪ શખ્સો સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ


અમરેલી, તા. ૧૨

રાજુલા ગામે રહેતા અને સ્કૂલ સંચાલક પરેશભાઈ ધીરજલાલ જોષી નામનાં ૪૨ વર્ષિય સ્કૂલ સંચાલક ગત તા. ૮નાં રોજ સવારે પોતાની કાર લઈ અને ડુંગર રોડ ઉપર આવેલ કાન્હા વિદ્યાલયમાં જતા હતા. ત્યારે પાછળ આવતી કાર ઓવરટેક કરી આ સ્કૂલ સંચાલકની કારને રોકાવી મારી કાર સામે તે કાર કેમ ભટકાવી તેમ કહી કારમાંથી ઉતરેલા ૪ અજાણ્યા ઈસમોએ સ્કૂલ સંચાલકને લોખંડનાં પાઈપ વડે મારી બિભત્સ ગાળો આપ્યાની ફરિયાદ રાજુલા પોલીસમાં નોંધાઈ છે.

### હોસ્પિટલ નજીકમાં હોય દર્દીઓ પરેશાન

# સાવરકુંડલા ક્રીમ વિસ્તારમાં પાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન શરૂ કરવા માંગ થઇ

## પાલિકાના શાસકોએ ગંભીરતા દાખવવી જરૂરી



સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા નગરપાલિકા દ્વારા સ્વચ્છતા નામે કામગીરીઓ કરવામાં ઉણપ જોવા મળી રહી હોય ત્યારે સાવરકુંડલા શહેરનો પોશ ગણાતા મહુવા રોડ પર અનેક હોસ્પિટલો આવી છે ને અવારનવાર આ હોસ્પિટલ નજીક ગટર જામ થઈ જતી હોવાની ફરિયાદો બાદ પણ પાલિકા તંત્ર માંડમાંડ સફાઈ કરવા પહોંચે છે પણ ગટરની સફાઈ કર્યા બાદ ગટરમાંથી અતિ દુર્ગંધ મારતો ગાળ (કચરો) એજ જગ્યા પર છોડીને પાલિકાના સફાઈ કર્મીઓ જતા રહેતા હોવાની ફરીયાદો ડોકટર વિભાગમાંથી જાણવા મળી રહી છે.

એમ.ડી. થી લઈને એમ.એસ., બાળ નિષ્ણાંત તબીબો, મેડિકલ સ્ટોર, સાથે લેબોરેટરીઓ આજ હોસ્પિટલો નજીક આવી હોય ત્યારે આખા સાવરકુંડલા શહેર તાલુકામાં દર્દીઓ સારવાર અર્થે મહુવા રોડ ખાતે આવેલ હોસ્પીટલો એ પહોંચતા હોય ત્યારે પાલિકા તંત્રના સફાઈ કર્મીઓ ગટર સફાઈ કરીને કચરો નિકાલ કરવાની જગ્યાએ તેજ જગ્યાએ કચરો દુર્ગંધ વચ્ચે મૂકીને જતા રહેતા હોય ત્યારે રોગચાળો વધુ વકરી શકે તેવી સ્થિતિ નિર્માણ પામતી હોય ત્યારે પાલિકા તંત્ર દ્વારા નક્કર કામગીરીઓ કયારે કરશે તે તો સમય જ કહેશે.

### અમરેલી નજીક આવેલ

# દેવરાજીયા ગામે શેત્રુંજી નદીમાંનાં પટ્ટમાંથી રેતી ચોરવા આવેલ શખ્સ ટ્રોલી મુકી નાશી ગયા

અમરેલી, તા. ૧૨

અમરેલી તાલુકાનાં દેવરાજીયા ગામે આવેલ શેત્રુંજી નદીમાં એક અજાણ્યો ટ્રેકટર ચાલક રેતીની ચોરી કરવાનાં ઈરાદે નદીનાં પટ્ટમાં ઉતારી રેતી ભરતો હોય. ત્યારે અમરેલી તાલુકા પોલીસને બાતમી મળતા પોલીસ ઘટના સ્થળે દોડી જતાં પોલીસને આવતી જોઈ આરોપી પોતાના હવાલાવાળા ટ્રેકટરનું ભોડુ લઈ અને ટ્રોલી સ્થળ ઉપર છોડી દઈ નાશી જતાં પોલીસે બનાવ અંગે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોંગ્રેસ દ્વારા રાહુલ ગાંધીના અવાજ દબાવવાને લઈને ''મૌન સત્યાગ્રહ'' કાર્યક્રમ યોજાયો




સામાન્ય, મધ્યમવર્ગ અને દેશના નાગરકોના જીવનને સ્પર્શતા મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર સહિતના મુદ્દાઓ–પ્રશ્નો માટે સતત લડતા રાહુલ ગાંધી પર રાજકીય દ્વેષભાવ રાખી તેમના અવાજને દબાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. જયારે કોંગ્રેસ પક્ષ દ્વારા સમગ્ર દેશમાં ''મૌન સત્યાગ્રહ''નું કાર્યક્રમના ભાગરૂપે અમદાવાદ ખાતે ગાંધી આશ્રમ સામે ગાંધી ચિંધ્યામાર્ગે મૌન સત્યાગ્રહ યોજવામાં આવ્યો હતો. દ્વેષભાવની ભાજપની રાજનીતિ પર આકરા પ્રહાર કરતા રાજયસભા સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સિમિતના પ્રમુખ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, રાહુલ ગાંધી જનનેતા તરીકે રાષ્ટ્રહિતમાં ભારતના ખેડૂતો, યુવાનો, શ્રમિકો, નાના ઉદ્યોગકાર–વેપારીઓ માટે સતત અવાજ ઉઠાવે છે. જે ભાજપને મંજુર નથી. રાહુલ ગાંધીએ કયારેય પણ કોઈ જ્ઞાતિ, સમાજ કે ધર્મનું અપમાન કર્યું નથી. તે હંમેશા તેમને માન–સન્માન આપ્યું છે. રાહુલ ગાંધી પ્રજાહિત માટે કામ કરે છે જયારે બીજી તરફ મુઠ્ઠીભર લોકો માટે દેશ લુટાવાઈ રહ્યો છે. દેશના નાગરકોના પરસેવાના કરોડો રૂપિયા ચાંઉ કરીને નિરવ મોદી, લલીત મોદી, મેહુલ ચોકસી સહિતના ચોરોએ લુંટ ચલાવી છે. રાહુલ ગાંધી વારંવાર કહે છે કે મને જેલમાં પુરી દો, સંસદ સભ્યપદ રદ કરી દો, ઘર લઈ લો, તો પણ હું સત્ય બોલતો જ રહીશ. આજે પુજય મહાત્મા ગાંધીના આશ્રમ સામે આદરણીય રાહુલ ગાંધીના સમર્થનમાં અમે સૌ ધરણાં ઉપર બેઠા છીએ જયારે કોંગ્રેસ પક્ષનો દરેક કાર્યકર રાહુલ ગાંધીનાં સમર્થનમાં ઉભો છે. ઐતિહાસિક ગાંધી આશ્રમ પાસે આદરણીય રાહુલ ગાંધીના સમર્થનમાં આયોજીત મૌન સત્યાગ્રહ વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ હાઈકોર્ટના આદેશને સુપ્રિમકોર્ટમાં પડકારશે. દરેક ભારતીયના કલ્યાણ માટે અમારી પ્રતિબધ્ધતા સ્પષ્ટ છે. પછી ભલે ભાજપ અમારી સામે કોઈપણ રણનીતિ અપનાવે, ભારતમાં આવી ફાંસીવાદી શકિતઓ વધુ લાંબા સમય સુધી ચાલી શકશે નહી. રાહુલ ગાંધીને ખોટી અને બદલાની ભાવનાથી કરવામાં આવેલી ગેરલાયકાતથી સમગ્ર દેશમાં આજે ખુબ આક્રોશ છે. ગાંધી આશ્રમ સામે રાહુલ ગાંધીનાં સમર્થનમાં આયોજીત મૌન સત્યાગ્રહમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકી, અર્જુનભાઈ મોઢવાડીયા, સિધ્ધાર્થ પટેલ, વરિષ્ઠ નેતા મધુસુદન મિસ્ત્રી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા, ઉપનેતા શૈલેષ પરમાર, રાજયસભા સાંસદ અમી યાજ્ઞિક, એ.આઈ.સી.સી. મંત્રી ઉષાબેન નાયડુ, રામકિશન ઓઝા, બી.એમ. સંદિપ, નિલેશ પટેલ, કાર્યકારી પ્રમુખ હિંમતસિંહ પટેલ, ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, ઉપપ્રમુખ ડો. જીતુભાઈ પટેલ, બિમલ શાહ, ડો. વિજય દવે, નીશિત વ્યાસ, પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મિનષ દોશી, કો–કન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલ, પ્રવકતા હિરેન બેંકર, પાર્થીવરાજસિંહ કઠવાડીયા, અમિત નાયક, રત્નાબેન વોરા, યુથ કોંગ્રેસ પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા, એન.એસ.યુ.આઈ. પ્રમુખ નરેન્દ્રસોલંકી, ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, સી.જે. ચાવડા, ઈમરાન ખેડાવાલા, વરીષ્ઠ નેતા ડો. કનુભાઈ કલસરીયા, પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશ, કનુભાઈ બારૈયા, ડો. ચંદ્રિકાબેન ચુડાસમા, વિરજીભાઈ ઠુંમર, ચંદ્રિકાબેન બારીયા, આનંદ ચૌધરી, મોહંમદ પીરઝાદા, ગ્યાસુદ્દીન શેખ, અમદાવાદ શહેર કોંગ્રેસના પ્રમુખ નિરવ બક્ષી, અમદાવાદ મ્યુનિ. કોર્પો. નેતા શેહઝાદખાન પઠાણ સહિત સમગ્ર રાજયમાંથી મોટી સંખ્યામાં પ્રદેશ અને જીલ્લાના પદાધિકારીઓ, કાર્યકરો–આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## અવારનવાર નિર્દોષ નાગરિકોને હડફેટે લઈ અકસ્માત સર્જતા હોવાથી

# શહેરી વિસ્તારમાં રખડતા ગૌવંશને નિયંત્રણમાં લેવા જરૂરી

આધુનિક ટેક્નોલોજીના યુગમાં પણ રાજ્યનાં લગભગ તમામ શહેરોમાં રખડતા ગૌવંશની સમસ્યા હોય દૂર કરાતી નથી

અનેક કિસ્સામાં રખડતા ગૌવંશ અન્ય નાગરિક માટે મોતનું પણ કારણ બની રહ્યા છે

શહેરમાં રખડતા મોટાભાગનાં ગૌવંશ ખાનગી માલીકોનાં હોય કાર્યવાહી કરી તેને રખડતા અટકાવી શકાય

મહુવાનાં એડવોકેટ ગુણવંતભાઈ આહીરે રિજિયોનલ કમિશનર ભાવનગરને પત્ર પાઠવી રજૂઆત કરી





અમરેલી, તા. ૧૨

મહુવાનાં એડવોકેટ ગુણવંતભાઈ આહીરે ભાવનગર ખાતેના પાલિકાનાં રિજિયોનલ કમિશનરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, હાલ સમગ્ર દેશ અને રાજય ફલક ઉપર તેમજ લગભગ ગુજરાતનાં દરેક શહેરોમાં રખડતા ઢોર જેમાં પણ ખાસ કરીને આખલાઓ અને ગાયોનું પ્રમાણ જોવા મળે છે અને આ રખડતા ઢોર શહેરોના સોસાયટી વિસ્તારોમાં હરતા ફરતા હોય માનવ વસાહતમાં રહીને અને ખાદ્ય પદાર્થો ખાઈ ખાઈને તોફાની બને છે અને છાશવારે લોકોની અમૂલ્ય જિંદગીઓનો ભોગ લેવાની ઘટનાઓ સામાન્ય બનતી જાય છે અને લોકોની સાથે સાથે તંત્ર અને વહીવટી વિભાગો પણ નિયમિત ટી.વી. અને છાપાઓના માધ્યમથી રખડું ઢોરે લોકોને ઈજાઓ પહોંચાડયા હોવાની અને મારી નાખેલ હોવાની ઘટનાઓ અને સમાચારોથી વાકેફ હશે જ. તેમ છતાં જનતા અને તંત્ર વચ્ચે આ રખડતા ઢોરના ત્રાસને નિયંત્રણમાં લેવા ખૂબ જ અઘરૂ અને માથાના દુ:ખાવા સમાન હોય, તાજેતરમાં જ બે દિવસ પહેલા મહુવા શહેરમાં એક બુઝુર્ગ નાગરિકને આખલાએ ગંભીર ઈજા પહોંચાડી મોતને ઘાટ ઉતારેલ તેમજ ભૂતકાળમાં અનેક શહેરોમાં પણ રખડતા ઢોરોએ માણસોને ઈજા કે મોત નિપજાવ્યાની ઘટનાઓ બનેલ છે. ત્યારે જેમના પરિવારને ઘરમાંથી એક વ્યકિત ગુમાવવી પડે તેની વેદના અસહ્ય હોય છે. ત્યારે રોજીંદી બનતી આ રેઢિયાળ ઢોરની સમસ્યાનાં કાયમી નિરાકરણ કરવું જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, હાલ ખેતી યંત્ર આધારિત થઈ ગયેલ છે અને બળદનું સ્થાન મિનિ ટ્રેકટર કે અન્ય વાહનોએ લીધેલ હોવાથી ગૌવંશ (જેમાં આખલા, વાછરડા, વૃધ્ધ થતાં કાઢી મુકાયેલ બળદો અને રખડતી દૂધ ન આપતી ગાયો)નો સમાવેશ થાય છે અને શહેરી વિસ્તારમાં વસતા લોકો આ રખડતા ઢોરોને ઘરમાં વધતો ખાદ્ય અને વાસી ખોરાક ખાવા માટે નાખતા હોય આવા આખલાઓ શહેર છોડી બહાર જતાં ન હોય તેમજ વરસાદની ઋતુમાં ગૌવંશ રહી ન શકે તેથી શહેરમાં બિલ્ડીંગોની છત નીચે કે જાહેર અને એપાર્ટમેન્ટોના પાર્કિંગોમાં આશ્રય સ્થાન મળી રહેતું હોય આખલાઓ શહરની બહાર જવાનું પસંદ કરતા ન હોય તેમજ આવા આખલાઓ ધણ ખૂંટ હોય તેમનામાં ખૂબ જ તાકાત હોવાથી અવારનવાર જાહેર રસ્તા પર કે મેદાનોમાં ઝઘડતા હોય છે અને તેને નિયંત્રણમાં લેવા માટે જૂની પરંપરા મુજબ ખેતી માટે બળદોને ખસીકરણ કર્યા બાદ જ ખેતીકામમાં જોતરી શકાતા હોય અને આ પધ્ધતિથી આખલાની તાકાતમાં ઘટાડો થતાં તે રાની અને ઝનૂની મટી જાય છે તેમજ આવા ઢોરોનું સન્યાસી જીવન બની જાય છે.તેથી અહિંસક બને છે અને ભવિષ્યમાં ગૌવંશની સંખ્યા અને પ્રજનન દર પણ ઘટાડવામાં આ પધ્ધતિ ખૂબ જ અનુકુળ આવે તેવી હોય જાહેરહિતમાં અમલીકરણ થાય તે દિશામાં કાર્યવાહી કરવી જોઈએ.

વધુમાં જણાવેલ છે કે, હાલ મોટાભાગની નગરપાલિકાઓ શહેરમાંથી ઘર ઘરથી કચરો લેવા વાહનો મોકલતી હોય છે અને દરેક ઘરમાંથી ખાદ્ય પદાર્થ અને વધતો ખોરાક ગૃહિણીઓ જાહેર રસ્તામાં રખડતા ઢોરને ખવડાવવા માટે નાખે છે જેથી હાલની સ્થિતિએ જે રેઢિયાળ ઢોર કે જેનો ખરેખર ખોરાક ઘાંસ હોવા છતાં તેને રોટલા-રોટલી જેવા ખાદ્ય પદાર્થો મહેનત વગર મળી રહેતા હોય. આ રેઢિયાળ ઢોર ઘાસ ચરવાનું પણ ભૂલી ગયેલ હોય. જો નગરપાલિકાઓ વેસ્ટ કલેકશનની સાથે સાથે ખાદ્ય સામગ્રી અને વધેલો ખોરાક લેવાનું શરૂ કરવામાં આવે તો શહેરમાં આંટા મારતા રેઢિયાળ ઢોર સિમ વગડા તરફ વળે અને ઘાસચારા તરફ વળે તેથી કચરાના વાહન સાથે શહેરમાંથી ખાદ્ય પદાર્થો પણ લેવામાં આવે તો ઢોરનો ત્રાસ ઘણો ઓછો થઈ શકે તેમ હોય તે દિશામાં પ્રચાર પ્રસાર કરી શહેરમાંથી વાસી અને વધેલો ખાદ્ય પદાર્થ કચરાની સાથે લેવા અંગે નગરપાલિકાઓને આદેશ કરવો જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, મોટાભાગના શહેરોમાં માલિકીના ઢોરો પણ શહેરોમાં છુટા મૂકી દેવાં આવતા હોય હાલ સરકારનાં પશુપાલન વિભાગ ધ્વારા દરેક પશુઓને આઈડેન્ટિફિકેશન ટેગ લગાવેલ હોય સરળતાથી પશુની ઓળખ કરી શકાય તેમ હોય જરૂર જણાયે આગોતરા જાહેરનામું બહાર પાડી આવા ઢોરોને ડબે પુરવાના પગલા લેવા યોગ્ય કાર્યવાહી થાય તે જાહેરહિતમાં જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, શહેરના જાહેર માર્ગો ઉપર રાત્રીના સમયે ઢોર બેઠેલા હોય છે. ત્યારે અંધારામાં આવા કાળા અને ભૂખરા રંગના ઢોર વાહનની નજીક આવતા સુધી વાહન ચાલકને દેખાતા ન હોય ઢોર સાથે વાહન અથડાવાની ઘટનાઓ પણ અવારનવાર બનતી હોય શહેરમાં નગરપાલિકા ધ્વારા રખડતા રેઢિયાળ ઢોરોને શિંગડા ઉપર રેડિયમ બેન્ડ લગાવવી જરૂરી હોય જેથી રાત્રીના સમયે વાહન ચાલકો આવા ઢોર સાથેના અકસ્માતોથી બચી શકે.

આમ ઉપરોકત જણાવેલ સૂચનોને ધ્યાને લેવા તથા મહુવા શહેરમાં તાજેતરમાં આખલાએ ઈજા પહોંચાડી મોત નિપજાવેલ હોય તે કાળુભાઈ રામભાઈ રાઠોડ નામના ૬૩ વર્ષના બુઝુર્ગના પરિવારને મહુવા નગરપાલિકા તરફથી યોગ્ય વળતર મળવું જોઈએ તેવી માંગ અંતમાં કરેલ છે.

### ગરીબ પરિવાર ન્યાયની કરે છે માંગ

## દામનગરના કાંચરડી ગામની પરિણીતા છેલ્લા ૧૫ મહિનાથી ગુમ થઇ ગઇ

### ગૃહ વિભાગ મદદ કરે તે અત્યંત જરૂરી

દામનગર, તા. ૧૨

લાઠી તાલુકાના વર્તમાન ધારાસભ્યના ગામ કાચરડી ગામની વાલ્મિકી સમાજની મહિલા નામ ભાવનાબેન ભરતભાઈ બારૈયા (ઉ.વ.૪૬) તા. ૦૯-૦૪-'૨૨ ના રોજ પોતાના ઘરેથી સવારના ૯ વાગ્યાની આસપાસ ગુમ થયા પછી, ચાર દિવસ શોધખોળ કરી પરંતુ કયાંય પત્તો ન લાગતા તેમના પતિ ભરતભાઈ બચુભાઈ બારૈયાએ દામનગર પોલીસ સ્ટેશનમાં તા.૧૩-૦૪-'૨૨ ના રોજ તેમના પત્ની ભાવનાબેન ગૂમ થયા બાબતની જાણવા જોગ અરજી આપી હતી અને પછી પોલીસ દ્વારા કોઈપણ પ્રકારની તપાસ ન કરાઈ અને દામનગર પોલીસે ૧૩ મહિના પછી જાણવા જોગ અરજી આપનાર ભરતભાઈ બારૈયાનું


ભાવનાબેન બારૈયા

નિવેદન લીધું.

તા. ૧૩-૦૪-૨૩ ના રોજ ભરતભાઈ બચુભાઈ બારૈયાએ ગૃહમંત્રી, એસ.પી. અમરેલી, જીલ્લા કલેકટર, પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુમ્મરને તેમના પત્ની ગૂમ થયા બાબતની અરજી આપી હતી. કોઈ રાજકારણી કે પ્રતિષ્ઠિત વ્યકિતએ ગુન્હા બાબતની ફરિયાદ દાખલ કરે તો જડપી તપાસ થાય અને ગુન્હેગારને શોધી કાઢવામાં આવે. ૧૫ મહિના વિતી ગયા છતાં દામનગર પોલીસના જવાબદાર અધિકારી બીટ જમાદાર ગુમ થયેલ આ મહિલાને શોધી નથી શકી. ગુમ થયેલ મહિલાના પતિ છૂટક મજૂરી કરે છે અને સંતાનોમાં બે દીકરી અને બે દીકરા છે.

ગૃહમંત્રી સુધી આ બાબતની જાણ કરી છે છતાં આ ગરીબ પરિવારની વેદના કે વ્યથા સાંભળીને ન્યાય અપાવવામાં સરકારી તંત્ર ને રસ નથી..!! અત્રે ઉલ્લેખનીય છે કે ભરતભાઈ બારૈયાએ જયારે અરજી આપી હતી, ત્યારથી દામનગર પોલીસ સ્ટેશનમાં આ ચોથા પી.એસ.આઈ. છે જોઈએ તપાસ કરે છે કે નહિ, કે તપાસ ચાલુ છે, એવા જવાબ અરજદારને મળ્યા કરશે..!!

### જિ.પં. ની સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેનની માંગ

## અમરેલીનાં ડૉ. બાબા સાહેબ આંબેડકર છાત્રાલયનાં બાળકો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવા માંગ

### કલેકટર દ્વારા યોગ્ય કરવા ખાત્રી આપવામાં આવી

અમરેલી, તા. ૧૨

અમરેલી શહેરમાં સાવરકુંડલા બાયપાસ ખાતે આવેલ અનુ.જાતિનાં ધો.૧૧ અને ધો.૧૨માં અભ્યાસ કરતા બાળકોની કુમાર છાત્રાલય આવેલ છે. જે છાત્રાલય હાલ જર્જરીત હોય આ છાત્રાલય કંન્ડમ કરવામાં આવેલ છે. જેથી આ છાત્રાલયમાં રહેતા બાળકોને રહેવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાની થાય છે. તો આ બાળકો રહી શકે તેવી યોગ્ય જગ્યા સત્વરે ફાળવવા આજરોજ મુકેશભાઈ બગડા, ચેરમેન સામાજિક ન્યાય સમિતિ, જિલ્લા પંચાયત અમરેલી તથા પ્રવિણભાઈ ચાવડા, સદસ્ય તાલુકા પંચાયત અમરેલી તથા બકુલભાઈ પરમાર, સામાજિક અગ્રણી સહિતનાં આગેવાનોએ કલેકટર અમરેલીને રજૂઆત કરતા કલેકટરે આ અંગે આગામી ૧૦ થી ૧૫ દિવસમાં વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવા ખાત્રી આપેલ છે. જે મુકેશભાઈ બગડાની અખબારી યાદીમાં જણાવેલ છે.






ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઇન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઇન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪







વ્રત નિમિતે...
ફરાળી વાનગીઓનો રસથાળ
ટોપરાપાક
શીંગપાક
માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
નમક વગરની મોળી
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ।મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫



### હજુ ચોમાસું બે મહિના જામશે !

# પેટર્ન બદલાતા કચ્છ અને સૌરાષ્ટ્રમાં સૌથી વધુ વરસાદ

**દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં રાજ્યનો સૌથી વધુ વરસાદ પડ્યો છે, અહીં અત્યાર સુધીમાં ૩૪.૫ ટકા વરસાદ નોંધાયો છે**

અમદાવાદ, તા.૧૨

હાલ ઉત્તર ભારતમાં ભારે વરસાદે જોરદાર તબાહી મચાવી છે. અહીં અત્યાર સુધીમાં ૯૧ લોકોનાં મોત થયા હોવાના રિપોર્ટ સામે આવ્યા છે. બીજી તરફ, ગુજરાતમાં પણ વરસાદે કેટલાંક વિસ્તારોમાં ધબધબાટી બોલાવી છે. જો સૌરાષ્ટ્ર અને કચ્છની વાત કરવામાં આવે તો આ વિસ્તારોને શુષ્ક અને અર્ધ શુષ્ક માનવામાં આવે છે. ખાસ કરીને અહીં પીવાના પાણીની પણ ભારે તંગી છે. ત્યારે આ વખતે વરસેલા વરસાદે સૌરાષ્ટ્ર અને કચ્છને તરબોળ કરી દીધું છે.

છેલ્લાં ૨૦ વર્ષની સરખામણીમાં અહીં સો ટકા વરસાદ નોંધાયો છે. તેમ છતા કેમ અહીં પીવાના પાણીની તંગી એવી ને એવી જ હોય છે? કારણ કે અહીં અનેક વિસ્તારો એવા છે કે જ્યાં પાણીનો સંગ્રહ કરવો એ જ મોટી સમસ્યા છે. બીજી તરફ, સરકારી રેકોર્ડમાં પાણીની સપાટીના સ્તરમાં સુધારો થયો હોવાની વાત છે. બીજી તરફ, નિષ્ણાંતોનું માનીએ તો તેઓ આ ઘટનાને વરસાદની પેટર્નમાં ફેરફાર માની રહ્યા છે. જેના કારણે રાજ્યમાં સતત વરસાદ પડી રહ્યો છે. આ વર્ષે બિપોરજોય સાયક્લોન પણ ત્રાટક્યું હતું અને એના કારણે અનેક વિસ્તારમાં ભારે વરસાદ પણ પડ્યો હતો. જેના કારણે આ વર્ષે બિપોરજોય પણ અતિવૃષ્ટિનું એક કારણ ગણાવી શકાય છે. તો સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં સિઝનનો ૬૫ ટકા તથા કચ્છ જિલ્લામાં ૧૧૨ ટકા વરસાદ નોંધાયો છે. તો ગુજરાતમાં સિઝનનો ૪૭ ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં રાજ્યનો સૌથી વધુ વરસાદ પડ્યો છે. અહીં અત્યાર સુધીમાં ૩૪.૫ ટકા વરસાદ નોંધાયો છે.

જો કે, ચોમાસાને હજુ બે મહિનાનો સમય બાકી છે. ત્યારે એવી પણ આશા છે કે, આ વખતે હવે સામાન્ય વરસાદ પડી શકે છે. તો અલ નીનો પણ સક્રિય બની શકે છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, પશ્ચિમ મધ્ય ભારત પર તેની અસર પડી શકે છે. જો કે, મંગળવારે શહેરમાં થોડો તડકો નીકળ્યો હતો અને લોકોને પણ ભારે બફારાનો અહેસાસ થયો હતો. અમદાવાદમાં મંગળવારે ૩૪ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયુ હતું. જે સોમવાર કરતા બે ડિગ્રી વધારે હતું. તો આ વખતે અમદાવાદમાં સિઝનનો ૫૦ ટકા જેટલો વરસાદ પડી ચૂક્યો છે, તેમ છતા લોકોને બફારો લાગી રહ્યો છે.

આગાહીનું માનીએ તો, આગામી દિવસોમાં ગાજવીજ સાથે હળવોથી મધ્ય વરસાદ પડે એવી શક્યતા છે. હવામાન વિભાગનું માનીએ તો, બુધવારથી ગુજરાતમાં વરસાદ વિરામ લે એવી શક્યતા છે. જેના કારણે થોડી રાહત મળી શકે છે. હવામાન વિભાગે એવી પણ આગાહી કરી છે કે, આગામી ચાર દિવસ સુધી હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. પાછલા અઠવાડિયામાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર તથા દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડ્યો હતો.

### સીંગતેલમાં પણ આગ ઝરતી તેજી

# મગફળીના એક મણના ૧૭૩૧ રૂપિયા બોલાયા

**તેલીબિયાંના વ્યવસાય સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે મલેશિયા અને શિકાગો એક્સચેન્જમાં વધુ હલચલ જોવા મળી નથી**

રાજકોટ, તા.૧૨

રાજકોટ બેડી યાર્ડમાં મગફળીની જૂજ આવક વચ્ચે ભાવ ઓલ ટાઈમ હાઈ પહોંચ્યો છે. એક મણ મગફળી ૧૭૩૧ રૂપિયાના ભાવે વેચાઈ છે. ઉનાળુ પાકના નુકસાન ને પગલે ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે. નવી સિઝનની મગફળીની આવક નવરાત્રી આસપાસ થશે. યાર્ડમાં જીણી અને જાડી બંને મગફળી મળી ફૂલ ૬૬૦ ક્વિન્ટલ આવક નોંધાઈ હતી. મગફળીના ભાવ વધતા સીંગતેલમાં પણ ભાવમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. સીંગતેલના ડબ્બાનો ભાવ ૩૦૦૦ને પાર પહોંચ્યો છે. સીંગતેલના ભાવમાં ત્રણ દિવસમાં ૪૫ થી ૫૦ રૂપિયા પ્રતિ કિલોએ વધ્યા છે. સાતમ આઠમના તહેવા ટાણે જ સીંગતેલમાં આગ જરતી તેજી જોવા મળી રહી છે. એક મણના ભાવ ૧૭૦૦ થી ૧૭૫૧ રૂપિયા સુધી પહોંચ્યા છે.

સરેરાશ મગફળીના એક મણના ભાવ ૧૪૦૦થી ૧૬૦૦ રૂપિયા રહ્યા છે. ભારે વરસાદના કારણે ગુજરાત અને યુપીમાં ઉનાળુ મગફળીના પાકને નુકસાન થતાં ભાવમાં ઉછાળો આવ્યો છે. મગફળીના ભાવ વધતા સીંગતેલના ભાવો હજુ પણ આવતા દિવસોમાં ભડકે બળે તેવી શક્યતાઓ છે. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં મગફળી દરરોજ ૪૦૦૦ ગુણીની આવકો થાય છે. સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં મગફળીની આવકો ઘટતા ભાવ વધ્યા છે. મગફળીના ભાવ વધતા સીંગતેલના ભાવમાં પણ સતત વધારો જોવા મળી રહ્યો છે. ઉત્તર પ્રદેશ સહિતના રાજ્યોમાં ભારે વરસાદના કારણે સૌરાષ્ટ્રના ઓઈલ મિલો સુધી મગફળી પહોંચી શકતી નથી. યુપીમાં ભારે વરસાદના કારણે ઉનાળુ મગફળીનો પાકમાં નુકસાન થયું છે. મગફળીના ભાવ વધતા તેલનો ડબ્બો ૩૦૦૦ ને પાર પહોંચ્યો છે. સોમવારે સરસવ અને સીંગતેલ તેલીબિયાંના ભાવમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો હતો. તેલીબિયાંના વ્યવસાય સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે મલેશિયા અને શિકાગો એક્સચેન્જમાં વધુ હલચલ જોવા મળી નથી.

દેશના ખેડૂતો દ્વારા ગત વર્ષના સોયાબીન હજુ વેચાયું નથી. આ સિવાય આફ્રિકન દેશોમાંથી ૪,૮૦૦-૫,૦૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના ભાવે સોયાબીન બીજ (તેલીબિયાં)ની આયાત કરવામાં આવી રહી છે. જે સ્વદેશી ખાદ્યતેલ અને તેલીબિયાંનો વધુ વપરાશ ન થવા દેવાની પરિસ્થિતિનું નિર્માણ કરશે.

**NCDEX** પર વાયદાના વેપારમાં કપાસિયા તેલ કેક (તેલીબિયાં કે જે પશુઓના ચારા માટે મહત્તમ તેલીબિયાંનું ભોજન પૂરું પાડે છે)નો જુલાઈનો કરાર રૂ. ૨,૪૦૦ પ્રતિ ક્વિન્ટલના ભાવે ટ્રેડ થઈ રહ્યો છે. કપાસનો પાક નવેમ્બર-ડિસેમ્બરમાં આવે છે અને સામાન્ય રીતે કપાસિયા કેકની કિંમત તે સમયગાળા દરમિયાન વાયદાના વેપારમાં હાજર ભાવ કરતાં લગભગ ૧૦ ટકા સસ્તી હતી.

પરંતુ આ વખતે, કપાસના વાવેતર હેઠળના વિસ્તારમાં ઘટાડાને જોતા, સટોડિયાઓએ કપાસિયા કેકના ડિસેમ્બર કરારના ભાવમાં ઘટાડો કરવાને બદલે, તેમાં ચાર ટકાનો વધારો કરીને રૂ. ૨,૫૦૫ પ્રતિ ક્વિન્ટલ કર્યો છે. એકલા મહારાષ્ટ્રમાં કપાસના વાવેતર હેઠળનો વિસ્તાર ઘટીને ૨૮,૧૧,૨૫૫ હેક્ટર થયો છે.

### RBI ની મોટી કાર્યવાહી, અનેક લોકોના ડૂબ્યા રૂપિયા

# આરબીઆઈ દ્વારા બે સહકારી બેન્કોના લાયસન્સ રદ કરવામાં આવ્યા

**આરબીઆઈએ કહ્યું કે હરિહરેશ્વર કોઓપરેટિવ બેન્કનો બિઝનેસ બંધ કરવાનો આદેશ ૧૧ જૂલાઈ, ૨૦૨૩થી લાગુ થઈ ગયો છે, બેંકોમાં ગ્રાહકોની ૫ લાખ રૂપિયા સુધીની જમા રકમ સુરક્ષિત છે**

નવી દિલ્હી, તા.૧૨

ભારતીય રિઝર્વ બેંક ગ્રાહકોના હિતની રક્ષા કરવા માટે વિવિધ બેંકોની કામગીરી પર નજર રાખે છે અને જો કોઈ ક્ષતિ જણાય તો કાર્યવાહી કરે છે. ઘણીવાર ઘણી બેંકો વિરુદ્ધ વિવિધ નિયમોના ભંગ બદલ રિઝર્વ બેંક કાર્યવાહી કરે છે. તાજેતરમાં જ બે સહકારી બેંકોનું લાયસન્સ રદ કરવામાં આવ્યું છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ મંગળવારે બે અલગ-અલગ નિવેદનોમાં જણાવ્યું હતું કે બે સહકારી બેંકોના લાયસન્સ રદ કરવામાં આવ્યા છે. તેમાં કર્ણાટકમાં તુમકુર ખાતેની શ્રી શારદા મહિલા સહકારી બેંક અને મહારાષ્ટ્રમાં સતારા ખાતેની હરિહરેશ્વર બેંકનો સમાવેશ થાય છે. રિઝર્વ બેંકનું કહેવું છે કે બંન્ને બેંકો પાસે કામગીરી ચાલુ રાખવા માટે પૂરતી મૂડી નથી. આ સિવાય બંન્ને બેંકો માટે કમાણી કરવાની કોઈ સંભાવના બચી ન હતી. આવી સ્થિતિમાં તેમનું લાયસન્સ રદ કરવું જરૂરી હતું. આરબીઆઈએ કહ્યું કે હરિહરેશ્વર કોઓપરેટિવ બેંકનો બિઝનેસ બંધ કરવાનો આદેશ ૧૧ જૂલાઈ, ૨૦૨૩થી લાગુ થઈ ગયો છે.

બેંકોમાં ગ્રાહકોની ૫ લાખ રૂપિયા સુધીની જમા રકમ સુરક્ષિત છે, કારણ કે ડિપોઝિટ ઈન્સ્યોરન્સ અને ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન પાસે આ રકમનો વીમો છે. જેમની થાપણો ૫ લાખ રૂપિયાથી વધુ છે, તેમના આ મર્યાદાથી ઉપરના રૂપિયા ગુમાવવા પડશે. રિઝર્વ બેંક અનુસાર, હરિહરેશ્વર સહકારી બેંકના ૯૯.૯૬ ટકા થાપણદારોને તેમના કુલ નાણાં **DICGC** પાસેથી મળશે. આ બેંકના ગ્રાહકોને **DICGC** પાસેથી ૮ માર્ચ, ૨૦૨૩ સુધી ૫૭.૨૪ કરોડ રૂપિયા મળ્યા છે. બીજી તરફ, શ્રી શારદા મહિલા સહકારી બેંકના કિસ્સામાં લગભગ ૯૭.૮૨ ટકા થાપણદારોને **DICGC** તરફથી સંપૂર્ણ રિફંડ મળશે.

**DICGC**એ આ બેંકના ગ્રાહકોને ૧૨ જૂન, ૨૦૨૩ સુધી ૧૫.૦૬ કરોડ રૂપિયા પરત કર્યા છે. રિઝર્વ બેંકે કહ્યું હતું કે લાયસન્સ રદ થયા બાદ બંન્ને બેંકો પર બેંકિંગ સંબંધિત તમામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. આ બેંકો હવે ગ્રાહકો પાસેથી કોઈપણ પ્રકારની થાપણો લઈ શકશે નહીં.

રિઝર્વ બેંકે સહકારી કમિશ્નર અને સહકારી મંડળીના રજીસ્ટ્રારને પણ સંબંધિત બેંકોના કામકાજને રોકવા માટે આદેશ જાહેર કરવા જણાવ્યું છે. આ સાથે કમિશનરને બેંકો માટે લિક્વિડેટરની નિમણૂક કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યા છે.

### ૨૪મીએ ગુજરાતની રાજ્યસભાની ત્રણ બેઠક માટે ચૂંટણી

# બાબુભાઈ દેસાઈ, કેસરીસિંહ ઝાલાના નામ ભાજપે જાહેર કર્યા

**અગાઉ ભાજપ તરફથી એસ જયશકંર ફોર્મ ભરી ચૂક્યા છે**

નવી દિલ્હી, તા.૧૨

ગુજરાતની રાજ્યસભાની ત્રણ બેઠકો માટે આગામી ૨૪મી જુલાઈએ ચુટણી યોજાનાર છે ત્યારે આજે ભાજપે વધુ બે ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. ભાજપે બાબુભાઈ જેસંગ દેસાઈ અને કેસરીસિંહ ઝાલાના નામની જાહેરાત કરી છે. આ અગાઉ ભાજપ તરફથી એસ જયશકંર ઉમેદવારી ફોર્મ ભરી ચૂક્યા છે. કેસરીસિંહ ઝાલાના પિતા દિગ્વિજયસિંહ કોંગ્રેસની સરકારમા ભારતના પ્રથમ પર્યાવરણ મંત્રી હતા. તેઓ મુંબઈ રહે છે.

કેસરીસિંહ ઝાલાના લગ્નમા પીએમમોદીએ પણ હાજરી આપી હતી. એમના કાકા રણજીતસિંહ હાલ ઉંમર ૮૩ વર્ષના છે અને રાજસ્થાનમા રહે છે. તેઓ ફોરેસ્ટ સેક્રેટરી હતા ત્યારે તેમણે વન્યજીવ સંરક્ષણ કાયદો ઘડાયો હતો અને ભારતમાં ચિતાને લાવવા માટે સુપ્રીમ કોર્ટમાં પક્ષ રાખ્યો હતો.

ભાજપે કેસરીસિંહ ઝાલાને ઉમેદવાર બનાવીને એક કાંકરે બે પક્ષી મારવાનો દાવ રમ્યો છે. કેસરીસિંહનો ફાયદો ભાજપને આગામી રાજસ્થાનની ચૂંટણીમાં પણ થઈ શકે છે. કારણ કે કેસરીસિંહનું મોસાળ રાજસ્થાનના રાજવી પરિવારમાં થાય છે. બાબુભાઈ દેસાઈ પૂર્વ ધારાસભ્ય છે. તેઓ વર્ષ ૨૦૦૭માં બનાસકાંઠાની કાંકરેજ બેઠક પરથી જીત્યા હતા. આ સિવાય તેઓ વર્ષ ૨૦૧૨થી ગુજરાત પ્રદેશ ભાજપના ગૌ સંવર્ધન સેલના કન્વીનર રહ્યા હતા. બાબુભાઈ દેસાઈ કાંકરેજ તાલુકાના ઉબરી ગામના વતની છે. તેઓએ ઓલ્ડ એસએસસીઉપરાંત અંગ્રેજી મીડિયમમાં સ્ટેનોગ્રાફીનો અભ્યાસ કર્યો છે.

ભાજપે ગુજરાતની સાથે સાથે બંગાળના રાજ્યસભાના ઉમેદવારના નામની પણ જાહેરાત કરી છે. ભાજપે બંગાળમાંથી અનંત મહારાજના નામની જાહેરાત કરી છે. તેમને મિથુન ચક્રવર્તી જેવા નેતાઓને પાછળ છોડીને ટિકિટ મળી છે. અનંત મહારાજ ગ્રેટર કૂચ બિહાર પીપલ્સ એસોસિએશનના વડા છે.

ગુજરાતની રાજ્યસભાની ત્રણ બેઠકો ખાલી થઈ રહી છે ત્યારે કેન્દ્રિય ચૂંટણી પંચે ૨૭મી જૂને રાજ્યસભાનીચૂંટણીની તારીખ જાહેર કરી હતી. ભાજપના ત્રણ સાંસદોની ટર્મ ૧૮મી ઓગષ્ટના રોજ પૂર્ણ થઈ રહી છે ત્યારે ત્રણ બેઠકો માટે ચૂંટણી આગામી ૨૪મી જૂલાઈએ યોજાશે. ઉમેદવારો માટે ૧૩મી જૂલાઈએ ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ રહેશે. ફોર્મ ભરાયા બાદ ૧૪મી જૂલાઈએ ફોર્મની ચકાસણી કરવામાં આવશે અને ૧૪મી જૂલાઈએ ફોર્મ પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે. બંને ઉમેદવારો આવતીકાલે ફોર્મ ભરશે.

રાજ્યસભામાં ગુજરાતની કુલ ૧૧ બેઠકો છે જેમા હાલ ભાજપ પાસે ૮ બેઠકો છે જ્યારે કોંગ્રેસ પાસે ૩ બેઠકો છે. ભાજપના ૮ રાજ્યસભા સાંસદોમાં રામભાઈ મોકરિયા, રમીલાબેન બારા, નરહરિ અમીન, પરષોત્તમ રૂપાલા, મનસુખ માંડવીયા, એસ. જયશંકર, દિનેશચંદ્ર અનાવડીયા અને જુગલજી ઠાકોરનો સમાવેશ થાય છે. જ્યારે કોંગ્રેસના ત્રણ રાજ્યસભા સાંસદોમાં શક્તિસિંહ ગોહિલ, અમી યાજ્ઞિક અને નારણ રાઠવાનો સમાવેશ થાય છે.

આ સાંસદોમાંથી ભાજપના ત્રણ સાંસદો દિનેશ અનાવડીયા, જુગલજી ઠાકોર અને એસ.જયશંકરની ટર્મ ૧૮ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ પૂર્ણ થઇ રહી છે ત્યારે આ ત્રણ બેઠકો માટે ચૂંટણી યોજાશે.

### ચુડાસમાને શ્વાસ લેવામાં તકલીફ પડતા દાખલ કરાયા

# પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની તબિયત લથડી

**ભૂપેન્દ્રસિંહને અમદાવાદમાં આવેલી યુએન મહેતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા**

અમદાવાદ, તા.૧૨

રાજ્યના પૂર્વ શિક્ષણમંત્રી અને ભાજપના સિનિયર નેતા ભૂપેન્દ્રસિંહની તબિયત એકાએક લથડી હોવાના સમાચાર સામે આવ્યા છે. ભૂપેન્દ્રસિંહને શ્વાસ લેવામાં તકલીફ પડતા તેમણે યુએન મહેતા હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. યુએન મહેતા હોસ્પિટલમાં તેમના રિપોર્ટ ક ઢવામમાં આવ્યા હતા અને તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવી હતી.

મળતી જાણકારી મુજબ, પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને ગાંધીનગર સ્થિત તેમના નિવાસ સ્થાને મોડી રાત્રે બે વાગ્યાની આસપાસ શ્વાસ લેવામાં તકલીફ પડી હતી. જેના કારણે તેમને તાત્કાલિક સારવાર માટે અમદાવાદમાં આવેલી યુએન હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. હોસ્પિટલના ડૉક્ટરો દ્વારા ભૂપેન્દ્રસિંહનું ચેકઅપ કરવામાં આવ્યુ હતુ. ભૂપેન્દ્રસિંહના રિપોર્ટ કાઢવામાં આવ્યા હતા અને તે પરથી જાણવા મળ્યુ હતુ કે, તેમને નળીમાં બ્લોક છે.

જેથી હવે તેમની બાયપાસ સર્જરી કરવામાં આવશે. આ બાયપાસ સર્જરી વિશેષ ડૉક્ટોરની ટીમ દ્વારા કરવામાં આવશે. સર્જરી બાદ તેમને ૩ દિવસ સુધી ૈઝેમાં ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવશે.

૭૪ વર્ષીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા આશરે ત્રણ દાયકાથી વધુ સમયથી ગુજરાતના રાજકારણમાં સક્રિય છે. તેઓએ ૩૩ વર્ષ કરતા વધુ સમય સુધી ભાજપમાં સક્રિય રીતે કામ કર્યું છે અને ચુડાસમાં ૧૯૯૦થી ૨૦૨૦ સુધી મંત્રી પદે રહી ચૂક્યા છે. ૨૦૧૯માં વિધાનસભાની ચૂંટણી ધોળકા વિધાનસભામાંથી જીત્યા બાદ તેઓ પ્રથમ વખત શિક્ષણમંત્રી અને કાયદા મંત્રી બન્યા હતા. જો કે, ધોળકા વિધાનસભાની બેઠક તેઓ જીત્યા બાદ અનેક વિવાદો સામે આવ્યા હતા અને આ વિવાદ હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. ભૂતકાળમાં કેશુભાઈ પટેલની સરકાર હોય નરેન્દ્ર મોદીની સરકાર હોય, આનંદીબેનની સરકાર હોય કે રૂપાણી સરકાર બધી જ સરકારોમાં એક ડેમેજ કંટ્રોલરની સાથે સંગઠન અને સરકારનો વ્યવસ્થિત સમન્વય રાખવામાં ભુપેન્દ્રસિંહનો સૌથી મોટો ફાળો રહેલો છે.

### આઈટી સેક્ટરમાં વેચવાલીને કારણે સ્થાનિક શેરબજારો તૂટ્યા

# સેન્સેક્સમાં ૨૨૪, નિફ્ટીમાં ૫૫ પોઈન્ટનો કડાકો જોવાયો

મુંબઈ, તા.૧૨

આઈટી સેક્ટરમાં વેચવાલીને કારણે સ્થાનિક શેરબજારો આજે ઘટાડા સાથે બંધ થયા છે. બીએસઈસેન્સેક્સ ૨૨૩.૯૪ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકાના ઘટાડા સાથે ૬૫,૩૯૩.૯૦ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૫૫.૧૦ એટલે કે ૦.૨૮ ટકાના ઘટાડા સાથે ૧૯,૩૮૪.૩૦ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. નિફ્ટી પર ઓએનજીસીનો શેર મહત્તમ નુકસાન સાથે બંધ રહ્યો હતો. ટાટા મોટર્સ, ઈન્ફોસિસ અને અલ્ટ્રાટેક સિમેન્ટના શેરમાં આજે સેન્સેક્સ પર એક ટકાથી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો. એ જ રીતે એનટીપીસી, ઈન્ડસઈન્ડ બેંક, લાર્સન એન્ડ ટુબ્રો, એચસીએલ ટેક, પાવરગ્રીડ, મારુતિ અને એચડીએફસીના શેર ૦.૫૦ ટકાથી વધુ ઘટીને બંધ થયા છે. આ સિવાય ટાટા સ્ટીલ, ભારતી એરટેલ, ટીસીએસ, એક્સિસ બેંક, હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ અને આઈસીઆઈસીઆઈબેંક લાલ નિશાન સાથે બંધ થયા છે. કોટક મહિન્દ્રા બેંક, એશિયન પેઈન્ટ્સ, સન ફાર્મા, નેસ્લે ઈન્ડિયા, ટાઈટન અને એસબીઆઈના શેર સેન્સેક્સ પણ વધારા સાથે બંધ થયા હતા. સેક્ટોરલ ઈન્ડાયસિસની વાત કરીએ તો આઈટી સિવાય બેંકિંગ સેક્ટરના શેરમાં વેચવાલી જોવા મળી હતી. જોકે પીએસયુ બેંક અને ફાર્મા સેક્ટરના શેરમાં ખરીદી જોવા મળી હતી. બીએસઈમિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૫-૦.૫ ટકાનો વધારો જોવા મળ્યો છે. અમેરિકી ડોલર સામે રૂપિયો ૧૨ પૈસા મજબૂત થઈને ૮૨.૨૪ પર બંધ થયો છે. અગાઉના સત્રમાં ડોલર સામે રૂપિયો ૮૨.૩૬ના સ્તરે હતો. જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસિસના હેડ (રિસર્ચ) વિનોદ નાયરે જણાવ્યું હતું કે આઈટી સેક્ટરની કંપનીઓના કમાણીના નબળા ડેટાના ભયને કારણે ભારતીય શેરબજારમાં એક રેન્જમાં ટ્રેડિંગ થયું હતું. જોકે, યુએસ ફુગાવામાં નરમાઈએ ઈન્ડેક્સને થોડો ટેકો લીધો હતો.

### ૨૫ રૂપિયે કિલો મળતા તૂટી પડ્યાં

# ભારતના લોકો ટામેટા લેવા પાડોશી દેશમાં ઘુસ્યા

**ભારતના મેદાની વિસ્તારમાં સપ્લાઈ થઈને આ ટામેટા પહોંચતા તેની કિંમત ૧૨૦ રૂપિયે કિલો સુધી છે**

નવી દિલ્હી, તા.૧૨

સસ્તું પેટ્રોલ અને ડીઝલ લેવા માટે ભારતીયો નેપાળ તરફ ભાગતા હતા, જો કે, આ વખતે ટામેટા માટે પણ આવું જ થયું છે. હકીકતમાં જોઈએ તો, નેપાળની સરહદી વિસ્તારવાળા ખેતીની બાબતોમાં વધારે સંપન્ન થયા છે. કેટલીય સસ્તી વસ્તુઓ ભારતીયોને નેપાળના આ વિસ્તારમાંથી મળે છે.

કેમ કે હાલમાં ભારતમાં ટામેટાના ભાવ આકાશ આંબી રહ્યા છે, તો તેનાથી ઉલ્ટા પિથોરાગઢ અને ચંપાવત જિલ્લાથી અડીને આવેલા નેપાળમાં કિંમતો સામાન્ય છે. આ જ કારણ છે કે, નેપાળના સસ્તા ટામેટા પિથોરાગઢ અને ચંપાવત સુધીના લોકો અને વેપારીઓને ખૂબ પસંદ આવી રહ્યા છે. હાલના સમયમાં નેપાળમાં ટામેટા ૨૫થી ૩૦ રૂપિયા પ્રતિ કિલોએ મળી રહ્યા છે. પિથોરાગઢ શહેરમાં મંગળવારે ટામેટા ગ્રેડિંગના હિસાબથી ૧૦૦થી ૧૨૦ રૂપિયા પ્રતિ કિલો સુધી વેચાઈ રહ્યા હતા. જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં મોંઘવારી અને વરસાદના કારણે ૧૫૦ રૂપિયા પ્રતિ કિલો મળવા પણ મુશ્કેલ થઈ રહ્યું છે. તો વળી નેપાળમાં તેની કિંમત ફક્ત ૨૫થી ૩૦ રૂપિયા પ્રતિ કિલો થઈ રહી છે. સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર આ વખતે નેપાળમાં ટામેટાના પાક સારો થયો છે.

આ જ કારણે ચોમાસું સિઝનમાં પણ નેપાળમાં ટામેટાના ભાવ સ્થિર થયેલા છે. નેપાળ સરહદ પર આવેલ ભારતીય બજાર બૂલાઘાટમાં હાલમાં બે પ્રકારના ટામેટા મળી રહ્યા છે. ભારતના મેદાની વિસ્તારમાં સપ્લાઈ થઈને આ ટામેટા પહોંચતા તેની કિંમત ૧૨૦ રૂપિયે કિલો સુધી છે, જ્યારે પાડોશી દેશ નેપાળમાં ટામેટા ભારતની સરહદી બજારમાં ૬૦ રૂપિયા પ્રતિ કિલો સુધી મળી રહ્યા છે. વેપારી મદન સિંહે જણાવ્યું છે કે હાલમાં નેપાળની બજારમાં ટામેટાનો ભાવ ૨૫થી ૩૦ રૂપિયા કિલો છે. કેટલાય લોકો એવા છે, જે નેપાળ ન જતાં ભારતમાં જ સસ્તા ટામેટા ખરીદી લાવે છે. મોટા ભાગના વેપારીઓ હાલમાં નેપાળમાંથી ટામેટા ખરીદીને વેચે છે.

ઝૂલાઘાટ વેપારી સંઘના મહાસચિવ હરી વલ્લભ ભટ્ટ કહે છે કે, નેપાળમાં પહેલા ભારતમાંથી ટામેટાની નિકાસ થતી હતી, પણ હવે હાલત બદલાઈ ગઈ છે. હાલના દિવસોમાં ભારતમાં ટામેટાના ભાવ આકાશે આંબી રહ્યા છે. નેપાળમાં હાલમાં દરરોજ ૫ ટન ટામેટા ભારતની બજારમાં આયાત થઈ રહ્યા છે. ધારચૂલાથી લઈને બનબસા સુધી છ ઝૂલાપુલોથી ટામેટા નેપાળમાંથી ભારતીય બજારમાં પહોંચી રહ્યા છે.

### વરસાદ થોડો આફત મોટી

# રાજ્યના મોટા ભાગના શહેરોના લોકો ખરાબ રસ્તાઓને લઈ પરેશાન

અમદાવાદ, તા.૧૨

વરસાદ થોડો આફત મોટીઃરાજ્યના મોટા ભાગના શહેરોના લોકો ખરાબ રસ્તાઓને લઈ પરેશાન છે. અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર અને રાજકોટ શહેરમાં રસ્તાઓ ખરાબ થઈ જવાને લઈ પરેશાન છે.

થોડાક વરસાદમાં જ રસ્તાઓ ખરાબ થઈ જાય છે. પુલ પણ બેસી જવાના સમાચાર આવતા હોય છે. ખરાબ રસ્તાઓને લઈ છેલ્લા પાંચ વર્ષમાં ૪૬૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. વાહન ચાલકોને કમર અને કરોડરજ્જુની સમસ્યા થઈ રહ્યા છે. અમદાવાદમાં ભૂવાએ અડધી સદી વટાવી છે. જેમાં ૪૦ ટકા ભૂવાઓના સમારકામની કામગીરી બાકી છે. રાજ્યમાં ૧૭૦ થી વધુ રોડ વરસાદમાં ધોવાઈ ગઈ છે.રાજકોટની વાત કરવામાં આવે તો, શહેરના રસ્તાઓ ગામડાને પણ ટપી જાય એટલી હદે ખરાબ છે.

કહેવામાં સ્માર્ટ સીટી કહેવાય છે પરંતુ વાસ્તવિકતા રસ્તાઓની અત્યંત ખરાબ છે. રાજકોટમાં અનેક વિસ્તારોમાં રસ્તાઓની હાલત ભંગાર બની છે અને જેને લઈ સ્થાનિકો પરેશાન બન્યા છે. રાજકોટમાં લોકો પરેશાન બન્યા છે અને તેના સમારકામમાં જાણે કે તંત્ર નબળુ રહ્યુ છે.

### મહિલા કુશ્તીબાજો સાથે જાતીય સતામણીના આરોપી

# સાંસદના રાજીનામાના પ્રશ્ન પર બ્રિજભૂષણ પત્રકાર પર ચિડાયા

**બ્રિજભૂષણે મહિલા પત્રકાર સાથે ગેરવર્તન કર્યું, માઈક તોડ્યું**

નવી દિલ્હી, તા.૧૨

રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડબલ્યુએફઆઈ)ના ભૂતપૂર્વ વડા અને ભાજપના સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ મહિલા કુસ્તીબાજો સાથેના જાતીય સતામણીના આરોપોની તપાસનો સામનો કરી રહ્યા છે.

આ મામલે તેમની સામે એફઆઈઆર નોંધવામાં આવી છે. એવામાં બ્રિજ ભૂષણ શરણ સિંહ દ્વારા મહિલા પત્રકાર સાથે ગેરવર્તન મામલો સામે આવ્યો છે. મહિલા પત્રકારે દાખલ થયેલી ચાર્જશીટ અંગે પ્રતિક્રિયા માંગી હતી.

આના પર બ્રિજ ભૂષણ સિંહે મહિલા પત્રકાર સાથે ગેરવર્તન કર્યું હતું. આ દરમિયાન તેમણે મહિલા પત્રકારનું માઈક તોડી નાખ્યું હતું. એક રાષ્ટ્રીય ટીવી ચેનલની મહિલા પત્રકારે બ્રિજ ભૂષણને યૌન ઉત્પીડન કેસને લઈને પ્રશ્નો પૂછ્યા હતા.

જવાબ આપવાનો ઈક્રાર કરતાં બ્રિજ ભૂષણે કારનો દરવાજો બંધ કરી દીધો, જેનાથી માઈકને નુકસાન થયું. હવે તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

મળતી માહિતી મુજબ બ્રિજ ભૂષણ શરણ સિંહ દિલ્હી એરપોર્ટથી બહાર આવી રહ્યા હતા. તેઓ કાર તરફ જઈ રહ્યા હતા એ સમયે મહિલા પત્રકારે તેમને યૌન શોષણના આરોપો અંગે પ્રશ્ન પૂછ્યો હતો. એક આહેવાલ મુજબ પત્રકારે પૂછ્યું કે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી પૂછે છે કે પાર્ટી તમને કેમ બહાર કેમ નથી કરી રહી. બ્રિજ ભૂષણ સિંહે પણ આ પ્રશ્નનો કોઈ જવાબ આપ્યો ન હતો.

આ પછી જ્યારે મહિલા પત્રકારે બ્રિજ ભૂષણને તેમના રાજીનામા અંગે સવાલ કર્યો તો તેઓ ગુસ્સે થઈ ગયા.

આ પછી બ્રિજભૂષણ સિંહ પોતાની કાર તરફ જવા લાગ્યા, ત્યારે મહિલા પત્રકારે ફરી એ જ સવાલ પૂછ્યો હતો. તે પ્રશ્નનો જવાબ ન આપતા બ્રિજભૂષણ સિંહે પોતાની કારનો દરવાજો જોરથી બંધ કર્યો હતો.. આ દરમિયાન રિપોર્ટરનું માઈક વચ્ચે આવી ગયું હતું.

### ઉત્તર ભારતમાં વરસાદથી ભારે તબાહી

# વરસાદથી ૯૧ લોકોનાં મોત અને યુપી-પંજાબ જળમગ્ન

## અમરનાથ યાત્રા અને ચાર ધામ યાત્રા માટે ગયેલા ગુજરાતીઓ સહિત હજારો લોકો અહીં ફસાયા છે

નવી દિલ્હી, તા.૧૨

ઉત્તર ભારતના અનેક વિસ્તારોમાં હાલ ભયંકર વરસાદ પડી રહ્યો છે. હિમાચલ પ્રદેશમાં પણ વરસાદે તબાહી સર્જી છે. અનેક રસ્તાઓ અને પુલ તૂટી ગયા છે. જેના કારણે વાહન વ્યવહાર પણ ઠપ થઈ ગયો છે. અનેક ગુજરાતીઓ સહિત પર્યટકો અને અમરનાથ યાત્રા તથા ચાર ધામની યાત્રાના શ્રદ્ધાળુઓ ફસાયા છે.

ઉત્તરાખંડમાં મંગળવારે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વરસાદ, ભૂસ્ખલન અને મોટા મોટા પથ્થરો પહાડો પરથી ઘટનાઓ બની ચૂકી છે. ભૂસ્ખલનમાં અત્યાર સુધીમાં ૮ લોકોનાં મોત થઈ ચૂક્યા છે. જેમાં મધ્ય પ્રદેશથી ગંગોત્રી દર્શન કરવા માટે આવેલા શ્રદ્ધાળુઓનો સમાવેશ થાય છે. જો કે, હાલ હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, પંજાબ, હરિયાણા અને રાજસ્થાન સહિતના વિસ્તારોમાં વરસાદે થોડી રાહત આપી છે. જેના કારણે સ્થાનિક તંત્રને રાહત અને બચાવ કાર્ય તથા રોડ રસ્તાના સમારકામ માટે મંજૂરી પણ મળી ગઈ છે. ભારે વરસાદના કારણે મગળવારે વધુ ૨૧ લોકોનાં મોત થયા હોવાનો આંકડો સામે આવ્યો છે. એક્સીડન્ટ, ભૂસ્ખલન અને પૂરના કારણે ગઈ ૮ જુલાઈથી અત્યાર સુધીમાં કુલ ૯૧ લોકોનાં મોત થઈ ચૂક્યા છે. બીજી તરફ, પંજાબમાં પણ ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે. અનેક સોસાયટીઓમાં વરસાદી પાણી ઘૂસ્યા છે. પંજાબમાં પૂર જેવી સ્થિતિ ઉભી થઈ છે. સતુલજ નદીમાં પાણી છોડવામાં આવતા તે બંને કાંઠે વહી રહી છે. યુપીના આગ્રા અને પ્રયાગરાજ સહિતના કેટલાંક વિસ્તારોમાં પૂરનુ અલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. કારણ કે યમુના અને ગંગા નદીમાં પાણીનું સ્તર પણ ખૂબ જ વધ્યું છે.

બીજી તરફ, ઉત્તરકાશી જિલ્લાના ગંગનાનીમાં હાઈવે પર ભૂસ્ખલન થતા મોટો પથ્થર પડ્યો હતો. આ પથ્થરે એક મિની બસને કચડી નાખી હતી. આ બસમાં મધ્ય પ્રદેશના દેવાસના યાત્રાળુઓ હતા અને તેમનો ડ્રાઈવર હરિયાણાનો હતો. જેઓ ગંગોત્રી મંદિરથી સોમવારે રાત્રે દર્શન કરીને પરત ફરી રહ્યા હતા. તેઓનાં આ ઘટનામાં મોત નીપજ્યા હતા. જ્યારે આ અકસ્માતની ઘટનામાં અન્ય કેટલાંક લોકો પણ ઘાયલ થયા હતા. જોઓને ઋષિકેશની એઈમ્સ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઉત્તર ભારતમાં વરસાદે જોરદાર તબાહી મચાવી હતી. જેના કારણે અત્યાર સુધીમાં ૯૧ લોકોનાં મોત થયા હોવાના સમાચાર સામે આવ્યા છે. ઉત્તર ભારતમાં હાલ અમરનાથ યાત્રા, ચાર ધામ યાત્રા ચાલી રહી છે. જેના કારણે ગુજરાતીઓ સહિત સમગ્ર દેશમાંથી શ્રદ્ધાળુઓ દર્શન કરવા માટે ઉમટ્યા છે. તો કેટલાંક પર્યટકો હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ફરવા માટે આવ્યા છે. ત્યારે શ્રદ્ધાળુઓ સહિત પર્યટકો પણ ફસાયા છે. ઉત્તર ભારતમાં ભારે વરસાદ બાદ અહીં ભૂસ્ખલન અને પહાડો પરથી પથ્થરો પડવાની અનેક ઘટનાઓ બની ચૂકી છે. મંગળવારે ગંગોત્રી હાઈવે પર ભૂસ્ખલન થતા પહાડો પરથી મોટા મોટા પથ્થરો રગડતા ત્રણ વાહનોને કચડી નાખ્યા હતા. જેના કારણે ચાર લોકોનાં મોત થયા હતા. ઉત્તર ભારતમાં વરસાદ, પૂર અને ભૂસ્ખલન જેવી ઘટનાઓના કારણે અનેક રસ્તાઓ તબાહ થઈ ચૂક્યા છે. ૮૦૦થી પણ વધુ રસ્તાઓને નુકસાન થયુ છે. કેટલાંય પુલો તૂટી ગયા છે. ઠેર ઠેર નુકસાન થયું હોવાથી રાજ્યને કરોડોનું નુકસાન થયું છે. બીજી તરફ, અહીં અનેક લોકો ફસાયા છે. કેટલાંય મકાનો પણ તૂટી ગયા હોવાના અહેવાલ મંગળવારે સામે આવ્યા હતા. જેના કારણે સ્થાનિકો સહિત અહીં ફરવા કે દર્શન કરવા માટે કે પછી ટૂરમાં આવેલા અસંખ્ય લોકોને હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે.

### ૧૭-૧૮ જુલાઈએ બેંગલુરૂમાં વિપક્ષોની બેઠક

# બેંગલુરૂમાં ૨૪ વિપક્ષોના નેતા બેઠકમાં સામેલ થશે

## ૮ નવી પાર્ટીએ લોકસભા ચૂંટણી પૂર્વે ભાજપ વિરુદ્ધ એકજૂટતા દર્શાવવા વિપક્ષી દળોના પ્રયાસોને સમર્થન જાહેર કર્યું

નવી દિલ્હી, તા.૧૨

આગામી ૧૭-૧૮ જુલાઈએ કોંગ્રેસ શાસિત રાજ્ય કર્ણાટકની રાજધાની બેંગ્લુરુમાં યોજાનાર વિપક્ષી એકજૂટતાની બીજી બેઠકમાં ઓછામાં ઓછા ૨૪ રાજકીય પક્ષોના ટોચના નેતાઓ સામેલ થવાની શક્યતા છે. સૂત્રો અનુસાર ૮ નવી પાર્ટીઓએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પૂર્વે ભાજપ વિરુદ્ધ એકજૂટતા દર્શાવવા વિપક્ષી દળોના પ્રયાસોને સમર્થન જાહેર કર્યું છે.

સૂત્રોના અહેવાલ અનુસાર મરુમલારચી દ્રવિડ મુનેત્ર કઝગમ, કોંગુ દેસા મક્કલ કાચી, વિદુલાઈ ચિરુથિગલ કાચી, રેવોલ્યૂશનરી સોશિયાલિસ્ટ પાર્ટી, ઓલ ઈન્ડિયા ફોરવર્ડ બ્લોક, ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ, કેરળ કોંગ્રેસ (જોસેફ) અને કેરળ કોંગ્રેસ (મણિ) એ નવા રાજકીય પક્ષોમાં સામેલ છે જેઓ આ બેઠકમાં જોડાવાના છે. તેમણે એમ પણ કહ્યું કે કોંગ્રેસના સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી પણ આ વખતે વિપક્ષી દળોની બેઠકમાં સામેલ થવાના છે.

ઉલ્લેખનીય છે કે કેડીએમકે અને એમડીએમકે અગાઉ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી દરમિયાન ભાજપના સહયોગી હતા. દરમિયાન કોંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાઅર્જુન ખડગેએ ટોચના વિપક્ષી નેતાઓને આગામી એકજૂટતા બેઠકમાં ભાગ લેવા આમંત્રણ મોકલ્યું છે.

### યુનિવર્સિટી લાવશે નવી એસઓપી

# ગુજરાત યુનિવર્સિટીમાં પેપર ગુમ થયા બાદ તંત્ર સાબદુ થયું

## જ્યાં સીસીટીવી હશે ત્યાં જ એસેસમેન્ટ સેન્ટર આપવામાં આવશે જ્યાં પેપર તપાસ થશે ત્યાં પોલીસ બંદોબસ્ત માંગવામાં આવશે

અમદાવાદ, તા.૧૨

રાજ્યની સૌથી મોટી ગુજરાત યુનિવર્સિટીમાં કથિત પેપર ગુમ થવાના કાંડ બાદ હવે સમગ્ર મામલે તપાસ કરવામાં આવી રહી છે. કથિત પેપર ગુમ થવાને લઈ શિક્ષણ વિભાગે ગુજરાત યુનિવર્સિટી પાસે રિપોર્ટ માગ્યો છે. યુનિવર્સિટી દ્વારા શિક્ષણ વિભાગને સમગ્ર ઘટનાનો રિપોર્ટ સોંપવામાં આવશે.

મહત્વનું છે, યુનિવર્સિટીના એસેસમેન્ટ સેન્ટરના બે સિક્યોરિટી ગાર્ડને હટાવી દેવામાં આવ્યા છે. એસેસમેન્ટ સેન્ટરના કોઓર્ડિનેટર સહિત બે કર્મચારીઓને જવાબદારીમાંથી મુક્ત કરી દેવાયા છે. આ કથિત પેપર કાંડ બાદ યુનિવર્સિટીનું તંત્ર સાબદું થયું છે અને પરીક્ષા માટે નવી લાવવાની જાહેરાત કરી છે. જ્યાં CCTV હશે ત્યાં જ એસેસમેન્ટ સેન્ટર આપવામાં આવશે.

પેપર તપાસ થશે ત્યાં પોલીસ બંદોબસ્ત ગોઠવાશે. કોર્ડિનેટરને અમદાવાદ બહાર કોઈ જવાબદારી ના સ્વીકારવા સૂચના અપાશે. ઉલ્લેખનીય છે, યુનિવર્સિટીએ સમગ્ર મામલે પોલીસ ફરિયાદ પણ નોંધાવી છે.

ગત રોજ ગુજરાત યુનિવર્સિટીમાં સંલગ્ન કોલેજોની BSC નર્સિંગના ફાઈનલ વર્ષ એટલે કે ચોથા વર્ષની પરીક્ષામાં આ કૌભાંડ થયું હોવાના આક્ષેપ લાગ્યા છે. NSUI અને કોંગ્રેસે યુનિવર્સિટી પર આક્ષેપ કર્યા છે, કે નર્સિંગના ચોથા વર્ષના ગણતરીના વિદ્યાર્થીઓને તેમની પરીક્ષાની ઉત્તરવહી રાત્રે મળી જાય છે, અને સવારમાં એ ઉતરવહી ભરીને પાછી આપી દેવામાં આવતી હોય છે.જેમાં ૧૪ વિદ્યાર્થીઓના ભાગ ૧ અને ૨ એમ ૨૮ પેપર ગાયબ થયા છે. આ ઉત્તરવહી ગુજરાત યુનિવર્સિટીના બોટની ડિપાર્ટમેન્ટમાં મૂકવામાં આવે છે. જ્યાં CCTV કેમેરા પણ બંધ હતા. રાત્રે એ ઉત્તરવહી ગોઠવણ મુજબ કાઢીને પુનઃ લખાણ કરી પરત મૂકવામાં આવે છે તેવા આક્ષેપ લાગ્યા છે.

રાજ્યની સૌથી મોટી યુનિવર્સિટીમાં આ પ્રકારનું કાંડ કલંક સમાન લાગી રહ્યું છે. ત્યારે ઘટનાની જાણ થતા તરત જ નવનિયુક્ત કુલપતિ નિરજા ગુપ્તાની સૂચનાથી પોલીસ ફરિયાદ કરાઈ છે.

### હિમાચલ પ્રદેશમાં જળ પ્રલયની સ્થિતિ સર્જાઇ

# ૧૪ જેટલા ગુજરાતીઓ હિમાચલ પ્રદેશમાં ગુમ થયા

## ગુજરાત કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે સરકાર પાસે કરી અપીલ

અમદાવાદ, તા.૧૨

હિમાચલ પ્રદેશમાં જળ પ્રલયની સ્થિતિ સર્જાઇ છે. કુદરતી આફતમાં અનેક લોકોનાં મોતના સમાચાર મળી રહ્યાં છે. દેશના ટોચના પ્રવાશન સ્થળોમાંથી એક એવા હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદને કારણે સ્થિતિ વણસી રહી છે. નદીઓમાં પૂર અને ભૂસ્ખલનને કારણે વાહનવ્યવહાર સંપૂર્ણ ઠપ્પ થઈ ગયો છે. પર્વતો પરથી જાણે આફત વહેતી હોય તેમ નદીઓમાં પુર જોવા મળી રહ્યાં છે. અનેક પૂલ અને રસ્તાઓ ધોવાઈ ગયા છે. આ કુદરતી આફતમાં અનેક પ્રવાસીઓ પણ અટવાયા છે.

આ પ્રવાસીઓમાં ગુજરાતના પણ અનેક લોકો ફસાયા છે અને તેઓને ત્વરીત મદદ કરે તેવી માગણી ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ કરી છે. ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહે જણાવ્યું કે હિમાચલમાં ૧૪ જેટલા ગુજરાતીઓ પણ ગુમ થયા છે, ગુમ થયેલા આ લોકોમાં મોટાભાગના યુવાનો છે, જેઓ બાઈક લઈને હિમાચલ ફરવા નિકળ્યા હતા. હું રાજ્ય સરકારને અપીલ કરું છું કે આ તમામ યુવાનોની મદદ માટે તાત્કાલિક પગલા લેવામાં આવે અને તેઓને સુરક્ષિત રીતે વતન પહોંચાડવામાં આવે છે. શક્તિસિંહે જણાવ્યું કે ગુમ થયેલા આ યુવાનો છેલ્લે મનાલી સુધી સલામત પહોંચ્યા હતા.

ત્યારબાદ ચંદ્રતાલ ગયા હતા, અને ત્યાંથી ત્રીલોકનાથ જવા નીકળ્યા હતા. જો કે ત્યારબાદથી આ તમામ યુવાનો સાથેનો સંપર્ક તૂટી ગયો છે. તેમની કોઈ ભાળ નથી. પ્રદેશ પ્રમુખે રાજ્ય સરકારને અપીલ કરી છે કે ગુમ થયેલા તમામ ગુજરાતીઓ માટે ત્વરીત પગલા લેવામાં આવે છે. આ યુવાનોના પરિવારજનોમાં હાલ ચિંતાનો માહોલ છે. કુદરતી આફત સમયે સરકારે આગળ આવવું જોઈએ અને શક્ય એટલી તમામ મદદ પહોંચાડવી જોઈએ.

### પવિત્ર યાત્રા પહેલી જુલાઈથી શરૂ થઈ હતી

# ૧૧ દિવસમાં એક લાખથી વધુ લોકોએ અમરનાથ યાત્રા કરી

## યાત્રા ૧ જુલાઈથી શરુ થઈ ત્યારથી લઈને અત્યાર સુધીમાં ખરાબ હવામાનને કારણે ત્રણ વાર સ્થગિત કરાઈ હતી

દહેરાદૂન, તા.૧૨

અમરનાથ યાત્રા ૧ જુલાઈથી શરુ થઈ ત્યારથી અત્યાર સુધીમાં છેલ્લા ૧૧ દિવસમાં ૧ લાખ કરતા પણ વધારે શ્રદ્ધાળુઓએ યાત્રા કરી છે. આ સિવાય અધિકારીએ જણાવ્યુ હતું કે ગઈકાલે ૧૮ હજારથી વધુ યાત્રાળુઓએ પવિત્ર ગુફાની અંદર બીરાજમાન બર્ફાની બાબાના દર્શન કર્યા હતા.

અમરનાથ યાત્રા ૧ જુલાઈથી શરુ થઈ હતી અને ત્યારથી લઈને અત્યાર સુધીમાં ખરાબ હવામાનને કારણે ત્રણ વાર સ્થગિત કરવામાં આવી હતી જો કે હવે ફરીથી યાત્રાને શરુ કરવામાં આવી છે ત્યારે અત્યાર સુધીમાં છેલ્લા ૧૧ દિવસમાં જ ૧.૩૭ લાખ શ્રદ્ધાળુઓએ અમરનાથની યાત્રા કરી છે. આ સાથે જ સ્થાનિક અધિકારીના જણાવ્યા અનુસાર ગઈકાલે ૧૮ હજારથી વધુ યાત્રાળુઓએ પવિત્ર અમરનાથ બાબાના દર્શન કર્યા હતા. આ ઉપરાંત ૬ હજારથી વધુ શ્રદ્ધાળુઓનો બીજી ટુકડી આજે સવારે જમ્મુના ભગવતી નગરથી ગુફા તરફ રવાના થઈ હતી.
અમરનાથ યાત્રિકને બહાર કાઢવા તેમજ ફસાયેલા વાહનો બહાર કાઢવા માટે આજે ટ્રાફિકને ખોલવામાં આવ્યો હતો.

છેલ્લા ૪ દિવસથી જમ્મુ શ્રીનગર હાઈવે પર નાકાબંધીના કારણે યાત્રાળુઓ રસ્તામાં જ અટવાઈ ગયા હતા. હવે યાત્રાળુઓને હિમાલયથી પરંપરાગત દક્ષિણ કાશ્મીર પહેલગામ માર્ગ પરથી ગુફા સુધી પહોંચી શકે છે. આ રુટ પર પહેલગામ બેઝ કેમ્પથી ૪૩ કિમીનો ટ્રેક તેમજ ઉત્તર કાશ્મીર બાલતાલ બેઝ કેમ્પથી ૧૩ કિમીનો ટ્રેક સામેલ છે. પહેલગામ માર્ગનો ઉપયોગ કરતા લોકો ગુફા મંદિર સુધી પહોંચવામાં ૩-૪ દિવસ સમય લાગે છે, જ્યારે બાલટાલ માર્ગનો ઉપયોગ કરતા લોકો તે જ દિવસે સમુદ્ર સપાટીથી ૩ હજારથી વધુ મીટર ઉપર સ્થિત ગુફા મંદિરની મુલાકાત લીધા બાદ બેઝ કેમ્પમાં પાછા ફરી શકે છે.
આ સિવાય અમરનાથ યાત્રાના બંને રૂટ પર મુસાફરો માટે હેલિકોપ્ટર સેવાઓ પણ ઉપલબ્ધ છે. આ વર્ષે ૬૨ દિવસ ચાલનારી અમરનાથ યાત્રા ૧ જુલાઈથી શરૂ થઈ હતી અને ૩૧ ઓગસ્ટે શ્રાવણ પૂર્ણિમા પર્વ સાથે સમાપ્ત થશે.

### યમુનાની સપાટી વધીને ૨૦૭.૫૫ મીટર થતા ૪૫ વર્ષના રેકોર્ડ તોડ્યો

# દિલ્હીમાં પૂરનો મોટો ખતરો, લોકોને પ્રભાવિત વિસ્તારોથી દૂર રહેવા સુચના

## યમુના નદીનું સ્તર વધતા દિલ્હીમાં અનેક રહેણાંક વિસ્તારોમાં પૂરના પાણી ઘૂસી ગયા, દિલ્હીના રસ્તા પર પાણી ફરી વળતા સ્વિમિંગ પુલ બની ગયા

નવી દિલ્હી, તા.૧૨

દિલ્હીમાં યમુના વધીને ૨૦૭.૫૫ મીટર થઈ જતા ૪૫ વર્ષના રેકોર્ડને તોડ્યો હતો. યમુનાના વધતા જળ સ્તરને જોતા સીએમ અરવિંદ કેજરીવાલે ઈમરજન્સી બેઠક બોલાવી છે જેમા તમામ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓને હાજર રહેવા સૂચના આપવામાં આવી હતી. આ બેઠક દિલ્હી સચિવાલયમાં યોજાઈ.

દિલ્હીમાં છેલ્લા કેટલાય દિવસથી પડેલા ભારે વરસાદને પગલે વરસાદી પાણી ભરાવાની સમસ્યા બની છે ત્યારે હવે યમુનાના જળસ્તરમાં વધારો થવાને કારણે અહીંના અનેક નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આવી સ્થિતિમાં પૂરનું જોખમ વધુ વધી શકે છે. દિલ્હીમાં યમુના નદીનું જળસ્તરે આજે ૨૦૭.૫૫ મીટર થઈ જતા ૪૫ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે.

૬ સપ્ટેમ્બર ૧૯૭૮ના રોજ યમુનાનું મહત્તમ પૂરનું સ્તર ૨૦૭.૪૯ મીટર નોંધાયું હતું. દિલ્હીમાં અનેક રહેણાંક વિસ્તારોમાં પૂરના પાણી ઘૂસી ગયા છે. સ્થિતિ વણસતી જોતા દિલ્હી પોલીસે લોકોને પૂર પ્રભાવિત વિસ્તારોમાંથી દૂર રાખવા માટે કલમ ૧૪૪ લાગુ કરી છે.

દિલ્હીમાં યમુનાનું જળ સ્તર સતત વધતા આજે ૪૫ વર્ષના રેકોર્ડને તોડી નાખ્યુ છે જેના પગલે દિલ્હીના અનેક વિસ્તારોમાં પાણી ભરાય ગયા છે ત્યારે હવે દિલ્હીના રસ્તાઓ પર પાણી ફરી વળતા સ્વિમિંગ પુલ બની ગયા હતા. રસ્તાઓ પર પાણી ભરાય જતા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. યમુના નદીનું જળસ્તર વધવાને કારણે હજારો લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.

દિલ્હી સરકાર એલર્ટ મોડ પર કામ કરી રહી છે. આ સાથે જ હવે યમુનાનું પાણી નોઈડા-દિલ્હી લિંક રોડ સુધી પહોંચી ગયું છે. કાશ્મીરી ગેટના મોન્સ્ટી માર્કેટ, રિંગ રોડ, યમુના ઘાટ, યમુના બજાર વિસ્તારમાં પૂરના પાણી પહોંચી ગયા છે. અહીં શેરીઓમાં પાણી વહી ફરી વળ્યા છે. યમુના નદીનું પાણી કાશ્મીરી ગેટ સ્થિત ગૌશાળામાં પ્રવેશ્યું છે. આઈટીઓખાતે છઠ ઘાટ સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયો છે. યમુના નદીને અડીને આવેલા વિસ્તારો ખૂબ જ સંવેદનશીલ છે. આ વિસ્તારોમાં લગભગ ૪૧ હજાર લોકો રહે છે. આ વચ્ચે કેટલાક લોકો દિલ્હીના સૌથી વીઆઈપીએરિયા સાઉથ એવન્યુમાં વરસાદની મજા માણી હતી. સીએમ અરવિંદ કેજરીવાલનું કહેવું છે કે તેઓ સેન્ટ્રલ વોટર કમિશનના સંપર્કમાં છે અને એવી અપેક્ષા છે કે પૂર જેવી સ્થિતિ ઊભી નહીં થાય. આ સમય એકબીજા સામે આંગળી ચીંધવાનો નથી. લોકોને રાહત આપવા માટે તમામ રાજ્યોની સરકારે સાથે મળીને કામ કરવાની જરૂર છે.

આ સિવાય દિલ્હીના પીડબલ્યુડીમંત્રી આતિશીએ કહ્યું હતું કે દિલ્હીમાં યમુનાનું જળ સ્તર ખતરાના નિશાન પર પહોંચી જશે. હરિયાણાના યમુનાનગરમાં બનેલા હથિનીકુંડ બેરેજમાંથી સતત પાણી છોડવાના કારણે યમુનાનું જળસ્તર વધી રહ્યું છે. આજે સવારે ૯ વાગ્યાથી પણ બેરેજમાંથી ૧ લાખ ૫૩ હજાર ૭૬૮ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. ગઈકાલે સાંજે ૭ વાગ્યે બેરેજમાંથી ૨ લાખ ૪૨ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું, જેના કારણે યમુના નદીનું જળસ્તર વધીને ૨૦૬.૬૯ મીટર થયું હતું. હાલમાં નદીના વહેણને ઘટાડવા ઓખલા બેરેજના તમામ દરવાજા ખોલી દેવામાં આવ્યા છે.

### હવામાનની સચોટ આગાહી હજુ પણ પડકાર

# હવામાનની સચોટ આગાહી માટે AI તરફ વળતા વૈજ્ઞાનિકો

નવી દિલ્હી, તા.૧૨

તમામ વૈજ્ઞાનિક પ્રગતિઓ છતાં હવામાનની સચોટ આગાહી કરવી હજુ પણ પડકારરૂપ છે. તેઓ નિશ્ચિત રૂપે પહેલા કરતાં વધુ સારા છે, પરંતુ ભારે હવામાનની ઘટનાઓનું ચોક્કસ મૂલ્યાંકન આજે પણ મુશ્કેલ છે. આ સમસ્યાનો સામનો કરવા માટે વૈજ્ઞાનિકોએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તરફ વળવાનું શરૂ કર્યું છે. હવામાનની સચોટ અને ઝડપી આગાહી માટેના બે નવા એઆઈમોડલનું વર્ણન તાજેતરમાં પ્રકાશિત થયેલા બે સંશોધન પત્રોમાં કરવામાં આવ્યું છે. સંશોધન પત્રોમાં ઉલ્લેખિત બે એઆઈમોડલમાંથી એક પંગુ વેધર છે. સિસ્ટમ એક અઠવાડિયા અગાઉથી વૈશ્વિક હવામાન પેટર્નની આગાહી કરી શકે છે. મોડેલને ૩૯ વર્ષના વૈશ્વિક રીએનાલિસિસ હવામાન ડેટાનો ઉપયોગ કરીને તાલીમ આપવામાં આવે છે. તે હવામાન ડેટાના પુનઃવિશ્લેષણમાં પરંપરાગત ભૌતિકશાસ્ત્ર આધારિત પદ્ધતિઓની ચોકસાઈને વટાવે છે. તે પરંપરાગત પદ્ધતિઓ કરતાં ૧૦,૦૦૦ ગણી ઝડપી પણ છે, જે હવામાનનું વિશ્લેષણ કરવા અને આગાહી કરવામાં લાગતા સમયને કલાકો કે દિવસોથી સેકન્ડોમાં ઘટાડી શકે છે. પરંપરાગત હવામાન આગાહી પ્રણાલીઓ કરતાં આ મોડેલ ઘણીવાર વધુ સચોટ હોય છે. વાસ્તવમાં તે ઉષ્ણકટિબંધીય ચક્રવાતના માર્ગને ટ્રેક કરવામાં પણ સક્ષમ હતું જેની સાથે તેને તાલીમ આપવામાં આવી ન હતી.

આ ઘટનાને એઆઈમોડલની ઉભરતી વર્તણૂક તરીકે ઓળખવામાં આવે છે. પંગુ વેધર એ પ્રથમ એઆઈપદ્ધતિ છે જે હવામાન ડેટાના પુનઃવિશ્લેષણમાં પરંપરાગત ભૌતિકશાસ્ત્ર આધારિત પદ્ધતિઓની ચોકસાઈને વટાવે છે. તે હવામાનની ઘટનાઓની આગાહી કરવામાં, ખાસ કરીને ઉષ્ણકટિબંધીય ચક્રવાતોને ટ્રેક કરવા માટે આશાસ્પદ ક્ષમતા દર્શાવે છે.

સંશોધન પત્રો મુજબ નાઉકાસ્ટ નેટ નામનું એઆઈમોડલ વિકસાવવામાં આવ્યું છે. જે ટૂંકા ગાળામાં ૬ કલાક અગાઉથી આગાહી કરે છે. તે વર્તમાન અવલોકનકારી હવામાન ડેટા વિશે વધુ સચોટ અને વિગતવાર માહિતી આપી શકે છે. ૬૨ વ્યાવસાયિક હવામાનશાસ્ત્રીઓએ મોડેલનું મૂલ્યાંકન કર્યું અને હવામાનની આગાહી કરવાની અન્ય પદ્ધતિઓ કરતાં ૭૦ ટકા કેસોમાં તેને પ્રથમ સ્થાન આપ્યું હતું. નાઉકાસ્ટ નેટ ભારે વરસાદની સચોટ આગાહીઓ પહોંચાડે છે. જ્યારે અતિશય વરસાદની સ્થિતિમાં આપત્તિ નિવારણની વાત આવે ત્યારે આ અવિશ્વસનીય રીતે ઉપયોગી થઈ શકે છે, કારણ કે તે ૬ કલાક અગાઉથી આગાહી કરે છે અને બચાવ એજન્સીઓ માટે આ સમય પૂરતો છે.

સંશોધન પત્રોમાં કહેવામાં આવ્યું છે કે, જો એઆઈથી હવામાનની આગાહી સાચી રીતે બહાર આવવા લાગે તો હવામાન એજન્સીઓ, સુપર કોમ્પ્યુટર વગેરે પર અબજો રૂપિયા ખર્ચવાની જરૂર નહીં રહે. જો કે ચાઈનીઝ કંપની હ્યુઆવેઈના પત્રોના સહ-લેખક લિંગસી ઝીએ કહ્યું કે એઆઈઆંકડાકીય હવામાનની આગાહી માટે નવી તકો પ્રદાન કરે છે. પરંતુ તે પરંપરાગત પદ્ધતિઓને બદલી શકશે નહીં. વાસ્તવમાં, તેને હાઈબ્રિડ ફોરકાસ્ટિંગ સિસ્ટમ્સમાં એકીકૃત કરી શકાય છે. આનાથી હવામાનની આગાહી કરવાની કુશળતામાં સુધારો થશે. ઝડપી હશે અને ખર્ચ પણ ઓછો થશે.

### ગ્રેટર નોઈડાની ઘટનાનો વીડિયો વાયરલ થયો

# ધીરેન્દ્ર શાસ્ત્રીની ભાગવતમાં બાઉન્સરે ભક્તને ફટકાર્યો

નોઈડા, તા.૧૨

ગ્રેટર નોઈડાના જેતપુરમાં ચાલી રહેલી શ્રીમદ ભાગવત કથાના બીજા દિવસે મોડી રાત્રે એક ભક્તની બાઉન્સરે મારપીટ કરી હતી. ભક્તને એક બાદ એક સાત થપ્પડ મારવામાં આવ્યા હતા. મારપીટનો આ વીડિયો વાયરલ થયો છે. લોકોએ બાઉન્સરના આ કૃત્યની ટીકા કરી છે.

મારાપીટ દરમિયાન પોલીસ પણ ત્યાં હાજર હતી. તેમ થતાં બાઉન્સરની અંદર પોલીસનો કોઈ ડર નજર ન આવ્યો અને શ્રદ્ધાળુની ખૂબ મારપીટ કરી. આ મામલાની નોંધ લેતા સૂરજપુર કોતવાલી પોલીસે કેસ નોંધ્યો છે અને તપાસ હાથ ધરી છે. જેતપુર ગામમાં ચાલી રહેલા ભાગવત વર્ગના બીજા દિવસે બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રીએ કહ્યું કે હિંદુઓ પર અત્યાચાર કરનારાઓની ઠઠરી અને ગઠરી બાંધવી પડશે. એક ઘટનાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે કપાળ પર તિલક લગાવવા પર એક શાળામાં વિદ્યાર્થીઓ રોકવામાં આવ્યો. આગામી સમયમાં મંદિરમાં જવા પર અને રામાયણ વાંચવા પર પણ રોક લગાવવામાં આવશે. આવા લોકોને જડબાતોડ જવાબ આપવામાં આવે.

જો તમારે ભારતને ધાર્મિક લોકોના ધર્મ-વિરોધી દુષ્ટ વર્તુળમાંથી બચાવવા હોય તો ભારતને તમારા હાથમાંથી સરકવા જવા ન દો, તેને વિદેશ ન બનવા દો.આપણે આપણી શાશ્વત સંસ્કૃતિને વધારવી પડશે. ધીરેન્દ્ર શાસ્ત્રીએ કહ્યું કે તેઓ એક પુસ્તક લઈને આવી રહ્યા છે. આ પુસ્તક વાંચીને ભારતનું દરેક બાળક એક લાખ ધર્મ વિરોધી લોકોની સામે કહી શકશે કે સનાતન ધર્મ શું છે?

### ડરબનમાં બીસીસીઆઈ-પીસીબીના વડા વચ્ચે બેઠક

# એશિયાકપમાં ભારત અને પાક.ની મેચ શ્રીલંકામાં રમાશે

## પાક. આ વખતે હાઇબ્રિડ મોડલ હેઠળ એશિયાની યજમાની કરશે, પરંતુ તે ઘરઆંગણે માત્ર ૪ મેચોનું આયોજન કરશે

નવી દિલ્હી, તા.૧૨

ભારત અને પાકિસ્તાન વચ્ચે આગામી એશિયા કપ ૨૦૨૩ની મેચ શ્રીલંકામાં જ રમાશે. ડરબનમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના સચિવ જય શાહ અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના ચીફ ઝકા અશરફ વચ્ચેની બેઠક બાદ આ વાતની પુષ્ટિ કરવામાં આવી હતી.

પાકિસ્તાન આ વખતે હાઈબ્રિડ મોડલ હેઠળ એશિયાની યજમાની કરશે, પરંતુ તે ઘરઆંગણે માત્ર ૪ મેચોનું આયોજન કરશે, જ્યારે ટૂર્નામેન્ટની બાકીની મેચો શ્રીલંકામાં રમાશે.

એશિયા કપ શેડ્યૂલને અંતિમ સ્વરૂપ આપવા માટે દક્ષીણ આફ્રિકાના ડરબનમાં આઈસીસીબોર્ડની બેઠક પહેલા જય શાહ અને ઝકા અશરફે અનૌપચારિક બેઠક કરી હતી.

બીસીસીઆઈના અધિકારીએ એક નિવેદનમાં સ્પષ્ટ કર્યું છે કે ભારતીય ટીમ આગામી એશિયા કપમાં તેની તમામ મેચો માત્ર શ્રીલંકામાં જ રમશે.

તેણે કહ્યું કે એશિયા કપ ૨૦૨૩માં લીગ સ્ટેજની ૪ મેચ પાકિસ્તાનમાં યોજાશે, ત્યાર બાદ બાકીની મેચો શ્રીલંકામાં રમાશે, જેમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની ૨ મેચનો સમાવેશ થાય છે. જો બંને ટીમો ફાઈનલમાં પહોંચશે તો ત્રીજી મેચ પણ શ્રીલંકામાં રમાશે.

પાકિસ્તાની મીડિયાના અહેવાલો અનુસાર, બીસીસીઆઈ સેક્રેટરી જય શાહને એશિયા કપ દરમિયાન પાકિસ્તાન આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ અંગે બીસીસીઆઈઅધિકારીએ કહ્યું કે આવી કોઈ ચર્ચા થઈ નથી, ન તો ભારતીય ટીમ ત્યાં જઈ રહી છે કે ન તો સચિવ જય શાહ પાકિસ્તાનની મુલાકાત લેશે. આ બેઠક માત્ર એશિયા કપના કાર્યક્રમને અંતિમ રૂપ આપવા માટે કરવામાં આવી છે.

# અમરેલી : સિનિયર સિટીઝન્સ સોસાયટી દ્વારા ૧૭માં વાર્ષિકોત્સવની ઉજવણી






સિનિયર ટિઝન સોસાયટી મંડળ છેલ્લા ૧૭ વર્ષથી ચાલતું આ મંડળ વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરે છે. તા. ૮/૭/૨૩નાં રોજ મંડળનો ૧૭મો વાર્ષિકોત્સવ હોટેલ ઠાકરથાળ ખાતે ભવ્યતાથી ઉજવવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ. સંસ્થાના વડીલ ભાઈ–બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની મજેદાર રજૂઆત થઈ. જેમાં એકપાત્રીય અભિયન, ભકિત ગીત, 'મા' તુ કિતની અચ્છી હે ડ્રામા ભારતીબેન પંડયા દ્વારા, બાલગીત, લાફીંગ તથા દેશભકિત ગીત તરૂલતાબેન વ્યાસ દ્વારા રજૂ થયા. પ્રમુખ રવજીભાઈ કાચાએ સૌ વડીલો તથા મહેમાનોને મીઠો આવકાર અને પરિચય આપ્યો. બાદ મહેમાન, અધ્યક્ષ કનુભાઈ કરકર, પૂર્વ પ્રિન્સિપાલ બી.એડ.ટ્રેનિંગ કોલેજ જુનાગઢનું કાચાએ શાલ–પુષ્પગુચ્છથી સન્માન કર્યુ. નટુભાઈ પટેલ પ્રેસિડેન્ટ એજકેર ફેડરેશન વડોદરાનું કનુભાઈ જોષીએ શાલ–પુષ્પગુચ્છથી સન્માન કર્યુ. વિજયભાઈ, ગીરીશભાઈ અને અશોકભાઈનું સ્વાગત જેરામભાઈ, ટોમભાઈ, ચંપકભાઈ વિગેરે દ્વારા શાલ–પુષ્પગુચ્છથી કર્યુ. જુલાઈ–૨૦૨૩નાં જન્મદિનની શુભેચ્છા ૭૫ વર્ષ પૂર્ણ થતાં વડીલોનું શાલ–પુષ્પગુચ્છ તથા દાંપત્યજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરતા વડીલોનું શાલ–શુભેચ્છાપત્ર દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. ભોજન સ્પોન્સર સુમનબેન પારેખ, મંજુલાબેન ભવાણી, લીલાબેન ગજેરા તથા શારદાબેન વેકરીયાનું સન્માન કરવામાં આવ્યું. મંડળનો અહેવાલ અને પ્રવૃત્તિ કનુભાઈ જોષીએ રજૂ કરેલ. પ્રાસંગીક પ્રવચનમાં કનુભાઈ પટેલે ગુજરાતમાં ચાલતા વરિષ્ઠ મંડળોની માહિતી આપી. ગીરીશભાઈ અમરેલી મંડળ ઉપર ગઝલ ગાઈ વરસી પડયા. અંતમાં કનુભાઈ કરકરએ તેમના ઉદબોધનમાં વડીલોની આ પ્રવૃત્તિથી અતિ પ્રસન્ન થઈ કહ્યું હું બહુજ પ્રભાવિત થયો છું પાણી દરવાજા સ્વામીનારાયણ મંદિરના સંતો પૂ. ગોપાલમુની સ્વામી, હરિચરણદાસ સ્વામી પધારી સૌ વડીલોને આશિર્વચન પાઠવ્યા અને પ્રવૃત્તિથી પ્રસન્ન થયા. તરૂલતાબેનનું સંચાલન સરસ હતું. ટોમભાઈની આભારવિધિ બાદ રાષ્ટ્રગીતથી કાર્યક્રમ સંપૂર્ણ થયાનું કનુભાઈ જોષીએ જણાવ્યું.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલામાં નાવલી નદીનાં કાંઠે

ને અમુક પાલા ધારકોને કારણે આખી નદી બજારની પાલા કેબિનો પર દબાણ થયું હોય તેવું લાગી રહ્યું છે. હાઈકોર્ટના સ્ટે આધીન બેઠેલા નદીના કાંઠે પાલાનો હોય ને પાલા ધારકો પાલા પાછળ છોડીને આગળ રોડ પર દબાણ કરીને અડિંગો જમાવીને ટ્રાફિકની વિકરાળ સમસ્યાઓ ઊભી કરતા હોય ત્યારે જાહેર રસ્તાઓ પર દબાણ થાય કે ટ્રાફિક અડચણ થતું હોય તો પાલિકા તંત્ર પોલીસ તંત્રને સાથે રાખીને આઈ.પી.સી. કલમ ૨૮૩ મુજબ કાર્યવાહી કરી શકતા હોવાનું નિષ્ણાંતોનું કહેવું છે ત્યારે સાવરકુંડલાના પાલા ધારકો નામદાર કોર્ટના આધીન બેઠા હોય તેને વહીવટી તંત્ર દ્વારા નામદાર કોર્ટના હુકમને આધીન હોવાથી ડીમોલેશન સમયે મૂળભૂત જગ્યા પર પરત ફરી ગયેલા પાલા ધારકો હાલ રોડ રસ્તા પર ૧૦ ફૂટના દબાણો કરીને આગળ પડદા, પ્લાસ્ટિક અને વધારાનું બીજું ૫ ફૂટ દબાણો કરીને હાઈકોર્ટના સ્ટેની ઓથ તળે દબાણો કરીને પાલા ધારકોને નવીન નવીન વાતો કરીને ગોળગોળ વાતોમાં ગુમરાહ કરીને પાલા ધારકોને ભવિષ્યમાં નુકશાન થાય તેવી પ્રવૃતિ પાલા ધારકના અગ્રણીઓ કરતા હોવાની ચર્ચાઓએ વેગ પકડયું છે ત્યારે પાલિકા તંત્ર દ્વારા જાહેર માઈક મારફતે દબાણો દૂર કરવાની અપીલ બાદ પાલા ધારકો ફરી મૂળભૂત જગ્યાએ પરત ફરશે કે પછી પાલિકા તંત્ર પોલીસ તંત્રને સાથે રાખીને આઈ.પી.સી. ૨૮૩ કલમ તળે કાર્યવાહી કરશે કે કેમ તે તો સમય જ કહેશે.

## પાના ૮ ઉપરનું ચાલું શરૂઆતમાં શિક્ષક, બાદમાં વિદ્યાસહાયક

NEP અને ''મિશન સ્કુલ્સ ઓફ એકસેલેન્સ''ના નામે સરકારી પ્રાથમિક શાળા અને અનુદાનિત પ્રાથમિક શાળ ામાં ''જ્ઞાન સહાયક'' શિક્ષકની ભરતી નામે ગુજરાતના બાળકોને શિક્ષણ વંચિત કરીને આવનાર પેઢીને અભણ રાખવાનું આ પાપી પગલુ છે. રાજયમાં શિક્ષણ વંચિત થઈ રહેલા બાળકોને અને સક્ષમ લાયકાત ધરાવતા બેરોજગાર શિક્ષકોને જવાબ આપે...

૧. શિક્ષકનું નામ ''જ્ઞાન સહાયક'' રાખવાથી શિક્ષણ ગુણવત્તા સુધારી જશે ?

૨. આ યોજના ૫ વર્ષની છે તો શિક્ષકની અવધી ૫ વર્ષની કેમ નહી ? ૧૧ મહિના કેમ ?

૩. ટેટ–૨ ની પરિક્ષા પાસ કરેલ કેટલા શિક્ષકોની ત્રણ વર્ષની મુદત પુર્ણ થઈ ગઈ છે ?

૪. ધોરણ દીઠ વર્ગ ખંડ – ધોરણ દીઠ શિક્ષકની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી અનિવાર્ય છે તેમ રાજયના બાળકો શિક્ષણ વંચિત ન રહે તે માટે રાજય સરકારની જવાબદારી પણ સુનિશ્ચિત કરવી જોઈએ.

૫. એક બાજુ ૭૬,૯૪૯ શિક્ષકોની ઘટ મતલબ એટલા શિક્ષકો ઘરે બેઠા છે અને વર્ગખંડમાં વગર શિક્ષકે બાળકો કેળવણી લઈ રહયા છે તે શાસકો માટે શર્મનાક બાબત છે અને શિક્ષકો માત્ર પાઠયપુસ્તકોની જ કેળવણી નહી પરંતુ શારિરીક, માનસિક અને સાસ્કૃતિક એમ ત્રિપરિમાણિત ઘડતરની કરવાની વિશેષ જવાબદારી વહન કરે છે અને તેના થકી રાષ્ટ્રને નવી તંદુરસ્ત ઉર્જાવાન પેઢીનુ નિર્માણ થાય છે.

૬. પરંતુ તેને મહિને ૨૧,૦૦૦/– રૂપિયાના ફિકસ માનદ વેતન અને તે પણ ૧૧ મહિનાના કરારમાં દેશના બાળકોનું જીવન ઘડતર કરવાની ફરજ નિભાવવાની અને ૧૨ મહિને ઘરભેગા કરવાના ? આ શિક્ષક સાથે ઉચિત વહેવાર છે ? અને એજ શિક્ષકને વર્ગ ખંડની દિવાલમાં લખવાનું કે શિક્ષક કભી સાધારણ નહી હોતા, પ્રલય એર નિર્માણ ઉસકી ગોદમે ખેલતે હૈ આથી વિશેષ કરૂણતા બીજી કહી હોય શકે.

૭. ગુજરાતમાં ખાડે ગયેલા શિક્ષણ બાબતે જવાબદાર કોણ ? શિક્ષક કે સરકાર ? આજે ગામડાની શાળાઓમા વિદ્યાર્થીઓ ભણવા કે વાલી ભણાવવા કેમ તૈયાર નથી ?

૮. ૨૦૨૩માં રાજયની ૧૫૮ માધ્યમિક શાળાનું ધોરણ ૧૦નું પરિણામ ''૦'' આવ્યું, કોણ જવાબદાર કોણ ?

તેમ એક યાદીમાં ગુજરાત કોંગ્રેસના યુવકના મનહર પટેલે જણાવેલ છે.

### નામ બદલાવેલ છે

આથી મેં મારૂ નામ **સૈયદા નૌશાદઅલી લાખાણી** માંથી બદલીને **સૈયદાબેન નૌશાદઅલી લાખાણી** રાખેલ છે. હવે હું આ નવા નામે ઓળખાઈશ.

લી. સૈયદાબેન નૌશાદઅલી લાખાણી

## એસ.ટી. બસની સતત અનિયમિતતાને લઇને સાવરકુંડલાના હાથસણી ગામના વિદ્યાર્થીઓમાં રોષની લાગણી

### શિક્ષણના હિતમાં એસ.ટી. બસની વ્યવસ્થા કરવા માંગ




સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા ડેપોની સાવરકુંડલા– હાથસણી વાયા કાનાતળાવ રૂટની બસ ભારે અનિયમિત હોય વિદ્યાર્થીઓમાં અસંતોષનો માહોલ ઊભો થયેલ જોવા મળી રહ્યો છે.

હાથસણી ગામના અંદાજિત ૨૦ જેટલા પાસ ધારક વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અર્થે સાવરકુંડલા જાય છે. જે પરત શાળા છૂટયા બાદ બપોરે સાવરકુંડલા થી ૧૨:૩૦ કલાકે ઉપડતી સાવરકુંડલા–કાનાતળાવ – હાથસણી રૂટ માં પરત ફરે છે જોકે તા.૧૦/૭ના રોજ આ રૂટની બસ હાથસણી છેક બપોરે ૨: ૪૫ કલાકે, તા ૧૧/૭ના રોજ બપોરે ૨:૩૦કલાકે, અને તા.૧૨/૭ના રોજ ૧:૨૫ કલાકે અનિયમિતત્તાનું સતત પુનરાવર્તન કરી હાથસણી ગામે પહોંચી હોય, હાથસણી ગામના વિદ્યાર્થીઓમાં પ્રચંડ રોષની લાગણી જોવા મળી રહી છે.

એસટી બસની લાંબા સમય સુધી રાહ જોયા બાદ વિદ્યાર્થીઓ પાસ હોવા છતાં નાણાં ખર્ચી પ્રાઈવેટ વાહનમાં ઘરે પહોંચે છે. આમ વિદ્યાર્થીઓનો નાણા અને સમય બન્નેનનો નો વ્યય થઈ રહ્યો છે. ત્યારે ઉપરોકત પ્રશ્નને લઈને હાથસણી ગામના સરપંચ એન.એસ.ગોહિલ દ્વારા વિદ્યાર્થીઓને એસ.ટી. બસની અનિયમિતતાને લઈને પડતી હાલાકી સત્વરે દૂર કરવા માટે લેખિતમાં રજુઆત કરવામાં આવેલ છે.

આમ છતાં વિદ્યાર્થીઓના હીતમાં ઉપરોકત બાબતે તાત્કાલિક ધોરણે યોગ્ય કરવામાં નહીં આવે તો વિદ્યાર્થીઓ, વાલીઓને સાથે રાખી આંદોલન કરવાની ફરજ પડશે, તેમ જણાવેલ. ત્યારે હાથસણી ગામના વિદ્યાર્થીઓ માટે ના એસ.ટી. બસના દરેક રૂટ નિયમિત હોય તેવી વિદ્યાર્થી વર્ગમાં પ્રબળ માંગ ઉઠી છે.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## દામનગર નજીક આવેલ રાભડા ગામે તુ મારી પત્ની સામે ખરાબ નજરે કેમ જુએ છે તેમ કહી યુવક ઉપર હુમલો

### મહિલા સહિત ૨ ઈસમો સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૧૨

લાઠી તાલુકાનાં રાભડા ગામે રહેતા અને વેપાર તથા ખેતી કામ કરતાં સત્યદિપસિંહ ભોજુભા ગોહિલ નામનાં ૧૯ વર્ષિય યુવકની દુકાને તેજ ગામે રહેતા ભાનુબેન મનજીભાઈ કોળી તથા સંજયભાઈ ધનજીભાઈ કોળીએ જઈ અને કહેલ કે તું કેમ મારી પત્ની સામે ખરાબ નજરે જુએ છે. મારી પત્નીને ફોનમાં વાત કરવાનું કેમ કહે છે તેમ કહી યુવકને ગાળો આપી લાકડી તથા છરી વડે હુમલો કરી ગંભીર ઈજાઓ કર્યાની ફરિયાદ દામનગર પોલીસમાં નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અમરેલીના સારહિ તપોવન આશ્રમ ખાતે ગાયત્રી યજ્ઞ યોજાયો



અમરેલી, તા. ૧૨

સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત 'નિરાધારનો આધાર'. સારહિ તપોવન આશ્રમ ખાતે તેમનાં સ્વપ્ન દ્રષ્ટા – પ્રેરણા સ્ત્રોત મુકેશભાઈ સંઘાણીના સંકલ્પ અનુસાર બની રહેલા, તપોવન આશ્રમનું નિર્માણ કાર્ય થાય ત્યાં સુધી દર રવિવારે ગાયત્રીયજ્ઞ થાય છે, તેમાં વિજયભાઈ ચોટલિયાનાં સહપરિવારને યજ્ઞમાં બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધી કરી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું રૂપિયા ૧૦.૭૨ લાખ ઓળવી જવાયા

તા. ૧/૧/૨૩નાં જનાગઢ જિલ્લાનાં વિસાવદર તાલુકાનાં ભુતડી ગામે રહેતા આરોપી જયભાઈ વજુભાઈ શિરોયા સાથે અત્રેના ક્રિષ્ના પેટ્રોલ પંપ પાસે મળી જતાં અને ઓળખાણ થતાં આરોપી જયભાઈ શિરોયાએ વિપ્ર યુવકને પોતાના નાણા શેરબજાર તથા ક્રિપ્ટો એપમાં રોકવા અને સારૂ વળતર મેળવવા માટેની લાલચ અને વિશ્વાસ આપી આ વિપ્ર યુવક પાસેથી અલગ અલગ ૧૮ વખત મળી કુલ રૂપિયા ૧૦,૭૨,૨૭૦ની રકમ મેળવી લઈ જઈ કોઈ વળતર અથવા તો રકમ પરત નહી આપી આરોપી જયભાઈ શિરોયા આ રકમ ઓળવી ગયાની અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાતા અમરેલીમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

## પાના ૮ ઉપરનું ચાલું ઉનાનાં સનખડા ગામનાં યુવક

ઈજાઓ થયેલ હોય ત્યારે પરિવારજનો દ્વારા ઉના સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવેલ હતો. ત્યારે સારવાર મળે તે પૂર્વે જ દમ તોડતા મારામારીનો બનાવ હત્યામાં પલટતા મૈત્રી કરાર કરેલ જીતુબા ઉર્ફે જીજ્ઞાએ ફરિયાદ નોંધાવતા પોલીસે કનુભાઈ ભીમભાઈ ઝાલા, જીલુભાઈ ભીમભાઈ ઝાલા, કથુભાઈ ધીરૂભાઈ ઝાલા, વિક્રમસિંહ ધીરૂભાઈ ઝાલા, વિજય ઉર્ફે વીજુ મળી કુલ પાંચ ઈસમોએ દોલુભાઈ પર હુમલો કરી મોતને ઘાટ ઉતારતાં નવાબંદર મરીન પોલીસે ગુન્હો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં ખનિજ ચોરી પ્રકરણમાં

ભાગ છે તેમજ મામલતદાર શહેર અમરેલી તેમજ નાયબ કાર્યપાલક ઈજનેરની સંયુકત તપાસ મુજબ તથા લેવામાં આવેલ નિવેદનો મુજબ ખોદાણવાળા સ્થળે નાયબ કાર્યપાલક ઈજનેર નાની સિંચાઈ મંજૂરી આપેલ હોવાનું જણાવેલું છે.

વધુમાં જણાવેલ છે કે, નાની સિંચાઈ પંચાયત પેટા વિભાગ–અમરેલી દ્વારા તા. ૧૯/૪/૨૩નાં રોજ મંજૂરી બાબતે હુકમ કરવામાં આવેલો જે હુકમ જોવામાં આવે તો અમરેલી, બગસરા, કુંકાવાવ અમરેલી જિલ્લાની ખેતી સુધારણા માટે સાદી માટી/કાપ/મોરમની જરૂરીયાત હોય બીડાણમાં સામેલ લીસ્ટમાં કોલમ નં. ૬ માં દર્શાવેલ તળાવ/ચેક ડેમમાંથી ૧૦૦% સ્વખર્ચે માટી લઈ જવા મંજૂરી માંગેલ અને તે મંજૂરી આપવામાં આવેલી. આ કોલમમાં નીચે પેરેગ્રાફમાં લખવામાં આવેલ છે કે, ઉપરોકત હુકમમાં રોકડીયાપરા દર્શાવેલ છે જે તળાવ રોકડીયા હનુમાન મંદિર પાસેનું ગણવાનું રહેશે. આમ આ મંજૂરીમાં સ્પેશીફીક જગ્યા દર્શાવવામાં આવેલી છે. તેમજ નાયબ કાર્યપાલક ઈજનેર પાસે માટી ઉપાડવાની જે મંજૂરી માંગવામાં આવેલ તે (૧) મુળજીભાઈ કુરજીભાઈ પાનેલીયા જેમણે અમરેલીનાં સર્વે નં. ૪૬૮/૭ પૈ. ૩, રોકડીયાપરા જેમાં મુળજીભાઈ પાસે ૨૪ ગુંઠા જમીન છે અને ફેરાની માંગણી ૫૦૦ છે. તેમજ આ ઈસમ દ્વારા લાલાવદર ગામે ભાવેશભાઈ દેવચંદભાઈ રાદડીયા દ્વારા ૫૦૦ ફેરાની માંગણી કરેલ પરંતુ તેમની પાસે ૨૮ ગુંઠા જમીન છે. આમ પ્રથમ દ્રષ્ટિએ આ જે મંજૂરી આપવામાં આવેલ છે તે કોઈપણ જાતની તપાસ કર્યા વગર અને જરૂરીયાત મુજબ માટી છે કે કેમ તેનો કોઈપણ રીપોર્ટ પણ રજૂ રાખેલ ન હોય તેમજ સ્થળ, સ્થિતિ, નકશો જોવામાં આવે તો નકશાની અંદર સર્વે નં. ૩૩૪માં કયાય તળાવ કે ચેકડેમ હોય તેવું આ નકશામાં જોવામાં આવતું નથી.

આમ ઉપરોકત માટી ઉપાડવાની જે મંજૂરી આપવામાં આવેલ છે તે રોકડીયાપરા હનુમાન મંદિર પાસેની તળાવમાંથી ખાસ જણાવીને આપવામાં આવેલ છે. ફકત આ કામના આરોપીને બચાવવા માટે ખાણ–ખનીજ અમરેલી, નાયબ સિંચાઈ અધિકારી તથા તપાસનીશ મામલતદાર દ્વારા રેકર્ડમાં છેડછાડ કરી ખોટું રેકર્ડ ઉભું કરી હકીકત જયાં મંજૂરી આપવામાં આવેલ છે તે મંજૂરીને નજર અંદાજ કરી રેકર્ડમાં ચેડા કરી આરોપીને બચાવવા માટે જે પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે તે પ્રક્રિયાના ભાગરૂપે તા. ૬/૭/૨૩ નાં રોજ ભુસ્તર શાસ્ત્રી, ભુસ્તર ખાતુ અને વિજ્ઞાન ખનીજ ખાતું અમરેલી દ્વારા પત્ર પાઠવી સદર મંજૂરી કાયદેસરની હવાનું જણાવેલ છે.

આમ ઉપરોકત અધિકારીઓ દ્વારા મિલીભગત કરી આરોપીઓને બચાવવા માટે ખનીજ ચોરી થયેલ હોવા છતાં કોઈ કાર્યવાહી નહી કરી અને રેકર્ડમાં છેડછાડ કરી ખોટા જવાબો કરેલ હોય. તો આ બાબતે ન્યાયીક અધિકારીની નિમણૂંક કરી આની સ્પેશ્યલ તપાસ કરવામાં આવે અને જવાબદારો સામે રેવન્યુ રાહે, વસુલી તથા ફોજદારી રાહે કાર્યવાહી કરવા મારી આ અરજ છે. જો આ બાબતે દિન–૩૦માં કોઈ કાર્યવાહી નહી કરવામાં આવે તો જાહેર હીત સબંધે હાઈકોર્ટમાં સુઓમોટો રીટ કરીશ જે અંગે ગંભીર નોંધ લેવા અંતમાં જણાવેલ છે.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૫૦૩ |
| ૨ | શિંગ મોટી | ૧૧૦૦ | ૧૬૨૦ |
| ૩ | શિંગદાણા | ૧૬૦૦ | ૨૨૫૬ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૬૩૦ | ૨૦૭૦ |
| ૫ | તલ સફેદ | ૨૩૫૦ | ૩૨૮૭ |
| ૬ | તલ કાળા | ૧૯૯૮ | ૩૩૦૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૯૬૦ | ૩૪૨૦ |
| ૮ | જુવાર | ૬૩૦ | ૧૧૩૬ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૪૦ | ૫૦૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૦૩ | ૪૭૮ |
| ૧૧ | ચણા | ૬૧૦ | ૯૮૫ |
| ૧૨ | તુવેર | ૭૧૦ | ૧૮૫૪ |
| ૧૩ | કપાસ | ૯૭૦ | ૧૪૪૮ |
| ૧૪ | એરંડા | ૯૭૫ | ૧૧૭૦ |
| ૧૫ | ધાણા | ૯૯૦ | ૧૨૯૨ |
| ૧૬ | મેથી | ૧૦૬૬ | ૧૩૦૦ |
| ૧૭ | સોયાબીન | ૮૫૦ | ૯૩૮ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૨૫ | ૧૪૨૬ |
| ૨ | ચણા | ૮૭૫ | ૯૧૫ |
| ૩ | જુવાર સફેદ | ૭૧૫ | ૯૦૦ |
| ૪ | તુવેર | ૧૪૦૦ | ૧૪૦૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૬૨૧ |
| ૨ | શીંગદાણા | ૧૭૦૦ | ૨૦૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૭૨૦ | ૩૨૫૦ |
| ૪ | તલ કાળા | ૨૭૫૦ | ૩૧૮૦ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૪૧૮ |
| ૬ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૮૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૬૫ | ૫૩૦ |
| ૮ | બાજરો | ૩૮૦ | ૪૪૦ |
| ૯ | જુવાર | ૫૬૦ | ૯૮૦ |
| ૧૦ | ચણા | ૮૬૦ | ૯૬૫ |
| ૧૧ | સફેદ ચણા | – | ૧૧૩૦ |
| ૧૨ | એરંડી | – | ૧૧૮૧ |
| ૧૩ | ચોળી | – | ૨૦૩૦ |
| ૧૪ | વાલ | – | ૨૦૫૦ |
| ૧૫ | સોયાબીન | ૮૦૦ | ૮૯૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૩૫ | ૧૦૩૫ |
| ૨ | ઘઉં | ૪૩૧ | ૪૬૫ |
| ૩ | ચણા | ૮૫૧ | ૮૫૧ |
| ૪ | ધાણા | ૫૦૦ | ૧૧૫૧ |
| ૫ | સોયાબીન | ૭૧૦ | ૭૧૦ |
| ૬ | શીંગ દાણા | ૧૯૩૬ | ૧૯૩૬ |
| ૭ | ઈસબગુલ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૮ | રજકાનું બી | ૧૯૮૦ | ૧૯૮૦ |
| ૯ | અજમા | ૧૧૭૬ | ૧૧૭૬ |
| ૧૦ | મગ | ૧૬૯૦ | ૧૬૯૦ |
| ૧૧ | મેથી | ૧૦૫૦ | ૧૨૨૫ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૩૫૫ |
| ૨ | ચણા | ૮૦૦ | ૮૯૨ |
| ૩ | ઘઉં લોકવન | ૪૪૪ | ૪૭૮ |
| ૪ | સોયા | ૭૮૦ | ૯૧૬ |
| ૫ | મગફળી | ૧૨૫૦ | ૧૪૩૮ |
| ૬ | શીંગ દાણા | ૧૬૩૫ | ૧૯૭૦ |
| ૭ | તલ સફેદ | ૨૧૦૦ | ૩૦૭૫ |
| ૮ | ધાણા | ૭૫૫ | ૧૨૬૪ |
| ૯ | એરંડા | ૧૧૧૯ | ૧૧૧૯ |
| ૧૦ | જુવાર | ૮૭૫ | ૮૭૫ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૭ | ૧૪૪૮ |
| ૨ | મગફળી | ૧૨૩૦ | ૧૪૭૦ |
| ૩ | તલ સફેદ | ૨૬૩૦ | ૨૮૭૦ |
| ૪ | ઘઉં | ૪૨૫ | ૪૩૫ |
| ૫ | ચણા | ૮૮૯ | ૯૮૧ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૪૧૧ | ૧૫૦૦ |
| ૨ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૧૩૩ |
| ૩ | તલ કાળા | ૩૦૦૧ | ૩૦૦૧ |
| ૪ | કપાસ | ૮૦૦ | ૧૪૧૫ |
| ૫ | બાજરો | ૪૧૦ | ૪૭૩ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૧૦ | ૪૮૬ |
| ૭ | જુવાર | ૮૫૧ | ૧૧૭૦ |
| ૮ | મકાઈ | ૬૫૧ | ૬૫૧ |
| ૯ | મેથી | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૦ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | તુવેર | ૧૮૦૧ | ૧૮૦૧ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૯૨૦ |
| ૧૩ | શીંગદાણા | ૨૦૩૦ | ૨૧૦૦ |
| ૧૪ | સોયાબીન | ૯૧૦ | ૯૧૦ |

### મહુવા-ધોળા ટ્રેનને ભાવનગર સુધી લંબાવાશે

# સાવરકુંડલાના મુસાફરોને ભાવનગર સુધીની ટ્રેન સેવાનો લાભ મળશે

## મુસાફર વર્ગમાં આનંદનો માહોલ ઉભો થયો



સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધીએ રેલવે તંત્ર દ્વારા આ સુવિધાને આવકારી રેલ તંત્ર તથા આ સંદર્ભે જેમણે પણ રજૂઆત કરી હતી તે તમામને હાર્દિક અભિનંદન પાઠવ્યા. સાવરકુંડલાવાસીઓને રેલવે તરફથી એક વધુ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી. તારીખ ૧૩ જુલાઈ એટલે કે આવતીકાલથી મહુવા-ધોળા ટ્રેન ભાવનગર ટર્મિનસ સ્ટેશન સુધી દોડશે. આમ તો છેલ્લાં ઘણાં સમયથી સાવરકુંડલા શહેરનાં લોકો સવારમાં ભાવનગર તરફ બાય ટ્રેન જવાની સુવિધા ઝંખી રહ્યા હતા. અવારનવાર અખબારોમાં પણ આ સુવિધાની લોકમાંગ પ્રસિદ્ધ થઈ હતી.

અંતે તંત્રના હૃદયમાં રામ વસ્યા અને મહુવા-ધોળા ટ્રેનને ભાવનગર ટર્મિનસ સુધી લંબાવવાની જાહેરાત થતાંની સાથે જ સાવરકુંડલા શહેરનાં લોકોમાં હર્ષની લાગણી પ્રસરી જવા પામી છે. જો કે લોકો હજુ પણ કોરોના કાળ પહેલા અમલમાં હતાં તે રેલવે યાત્રી દર ઈચ્છી રહ્યા છે. જો રેલવે ટિકિટ દર પુનઃ કોરોના કાળ પહેલાનાં રેલયાત્રી ભાડા અમલી થાય તો ગરીબ વર્ગના લોકો માટે એ સુવિધા ખૂબ આશીર્વાદરૂપ સાબિત થાય તેમ છે. આવતીકાલે મહુવાથી આ ટ્રેન સવારે ૭:૪૦ કલાકે ઉપડશે અને ભાવનગર ટર્મિનસ ૧૩:૨૦ પહોંચશે. અને ભાવનગર ટર્મિનસથી બપોરે ૧૬:૦૦ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૨૧:૩૦ મહુવા પહોંચશે.

આમ ભાવનગરથી મહુવા જતાં નિર્ધારિત સ્ટેશનો ઉપરાંત ભાવનગર પરા, સિહોર ઊભી રહેશે. એમ જાણવા મળ્યું છે. આમ શહેરનાં લોકોને ભાવનગર બે અઢી કલાકનું કામ હોય તો તે કામ નિપટાવી ફરી બપોરે ચાર વાગ્યે ભાવનગરથી મહુવા જતી ટ્રેનમાં બેસી અને ઘરે પરત ફરી શકાય છે.

# સાવરકુંડલાના મોહસીન કાદરીનો આજે જન્મદિવસ

સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલાના મુસ્લિમ અગ્રણી મહેબૂબ કાદરીના દીકરા મોહસીન કાદરી એ ૧૪ વર્ષ પૂર્ણ કરીને ૧૫માં વર્ષમાં પ્રવેશતા શુભેચ્છકો દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

બાપના નકશે કદમ પર ચાલતા મોહસીન કાદરી એસ.એસ.સી.માં એમ.એલ.શેઠ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યો છે ને ભણવામાં પણ પાવરધો મોહસીન કાદરી સ્કૂલમાં શિક્ષકોનો માનીતો છે ત્યારે આજે



તેમના જન્મદિવસના અવસર પર ૯૪૨૬૯ ૭૬૨૯૬ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

### લુણકી ગામની શ્રમિક મહિલા માટે ૧૦૮ આશીર્વાદરૂપ બની

# બાબરા : પર પ્રાંતીય સગર્ભાની મધ્ય રાત્રિએ નોર્મલ પ્રસૂતિ કરાવતી ૧૦૮ની ટીમ

## દર્દીના પરિવારે ૧૦૮ ટીમનો આભાર માન્યો

અમરેલી, તા. ૧૨

બાબરા તાલુકાના લુણકી ગામમાં મજૂરી કરતા પરપ્રાંતિય પરિવારના મૂળીબેનને રાત્રીના પ્રસુતિની અસહ્ય પીડા ઉપડતાં તેમના પતિ એ ૧૦૮ ઈમરજન્સીને મદદ માટે કાલ કરેલ. બાબરા ૧૦૮ એમ્બ્યુલન્સ લુણકી ગામ જવા રવાના થઈ હતી. દર્દી લુણકી ગામના બસ સ્ટેશન પર હતું.

ઈએમટી સંદીપ ભાલીયા તથા પાઈલોટ જગદીશભાઈ જરૂરી મેડિકલ સાધનો લઈ સ્થળ પર પહોંચી દર્દીની તપાસ કરતા દર્દી ને અસહ્ય પ્રસુતિનો દુઃખાવો હતો, તેથી લુણકી બસ સ્ટેશમાં જ ડિલિવરી કરાવવાની ફરજ પડી હતી.



બાબરા ૧૦૮ના સ્ટાફ ઈએમટી સંદીપ ભાલીયા અને પાયલોટ જગદીશભાઈ એ સ્થળ પર જ ડિલિવરી કરાવી હતી અને અમદાવાદ ઓફિસમાં રહેલા ડોકટરની સલાહ પ્રમાણે બેબી કેર, ઓકિસજન આપી બાળકનો જીવ બચાવેલ અને માતા બાળકને સારવાર સાથે બાબરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં અને માતા બાળકનો અમૂલ્ય જીવ બચાવેલ.

દર્દીના સગા સંબંધીઓએ ૧૦૮ના કર્મચારીનો આભાર માન્યો હતો તથા ૧૦૮ ઈમરજન્સી પ્રોગ્રામ મેનેજર દિલીપ સોલંકી અને જિલ્લા અધિકારી યુવરાજસિંહ ઝાલા દ્વારા પણ સારી કામગીરી કરવા બદલ બાબરા ૧૦૮ના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. આમ ફરી એક વખત ૧૦૮ ઈમરજન્સી સેવા આશીર્વાદરૂપ બની હતી.

# ભુવાના અન્નપૂર્ણા ટિફિન સેવા કેન્દ્રમાં સેવાકાર્યો થયા



સાવરકુંડલા, તા. ૧૨

એક અકેલા થક જાયેગા મિલકર બોજ ઉઠાના, સાથી હાથ બઢાના.. સેવાકીય પ્રવૃત્તિઓ માટે સેવાકીય ભાવના જ જરૂરી છે.

સાવરકુંડલા તાલુકાના ભુવા ગામે અન્નપૂર્ણા ટીફીન સેવા કેન્દ્રનો પ્રારંભ થયો. લોકસહયોગ હોય અને સંસ્કૃતિ સેવાની હોય તો પછી ધાર્મિક કે સામાજિક સંગઠનો પણ આવા સેવાકીય મહાયજ્ઞમાં પોતાનું યથાશકિત યોગદાન આપે છે.

શ્રમદાન એ પણ મહાદાન છે અને જયાં સેવાકીય પ્રવૃત્તિઓ થતી હોય તેવા સ્થાનોમાં કરેલું શ્રમદાન એ સેવાકીય પ્રવૃત્તિઓ માટે ઓકિસજનનું કાર્ય કરતું હોય છે. ભુવા ગામમાં આવેલ ગોપી મંડળના સભ્યો દ્વારા આ અન્નપૂર્ણા ટિફિન સેવાના કાર્યમાં શ્રમદાન કરતાં જોવા મળે છે.

બસ દેશ ઐસે હી બનતા હૈ. નહીં કોઈ પ્રસિધ્ધિની અપેક્ષા માત્ર સેવા કરીને પુણ્યકાર્યને વધુ પ્રદિપ્ત કરવું એ જ લક્ષ હોય ભારત જેવા દેશમાં ગોકૂળ ગ્રામની પરિકલ્પના વાસ્તવિક સ્વરૂપ પણ લઈ શકે છે. જરૂર છે થોડી સમજ અને થોડા સેહાર્દની જે પ્રસ્તુત તસવીરમાં આપણે જોઈ શકીએ છીએ કે સેવાભાવના એ જ આપણાં દેશની સંસ્કૃતિના મૂળમાં છે.

### પોપ્યુલેશન સ્ટેબીલાઇઝેશન પખવાડીયાની ઉજવણી અંતર્ગત

# અમરેલી જિલ્લાના તમામ સરકારી આરોગ્ય કેન્દ્રમાં વિશ્વ વસ્તી દિનની ઉજવણી

## આગામી દિવસોમાં કુટુંબ નિયોજન વિશે માહિતગાર કરાશે

અમરેલી તા. ૧૨

૧૧ જુલાઈના રોજ વિ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ કડીના ભાગરૂપે સમગ્ર અમરેલી જિલ્લામાં 'વિ વસ્તી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. વિ વસ્તી દિવસના અનુસંધાનમાં પોપ્યુલેશન સ્ટેબીલાઈઝેશન પખવાડીની પણ ઉજવણી કરવામાં આવી રહી છે.

અમરેલી જિલ્લાના તમામ સરકારી આરોગ્ય કેન્દ્રો ખાતે વિ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જિલ્લાના આરોગ્ય કેન્દ્રો પર જુદીજુદી પ્રવૃત્તિઓ જેવી કે, રેલી, ગ્રુપ મીટીંગ, શાળા કાર્યક્રમ દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આગામી દિવસોમાં આ પ્રકારના વિવિધ કાર્યક્રમો દ્વારા લોકોમાં કુટુંબ નિયોજન વિશે માહિતગાર કરવામાં આવશે, તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી આર.એમ. જોષીએ એક યાદીમાં જણાવ્યું છે.

### તાજેતરમાં થયેલ બેઠકમાં નિર્ણય થયો

# અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર્સ ઓફ કોમર્સનાં ઉપપ્રમુખપદે મુકેશ રૂપારેલીયા નિયુકત

## જીલ્લાનો વેપારી આલમ અને રઘુવંશી સમાજમાંથી અભિનંદનની વર્ષા

અમરેલી, તા. ૧૨

અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર્સ ઓફ કોમર્સની મળેલ જનરલ કારોબારીની મીટીંગમાં અમરેલી ડીસ્ટ્રીકટનાં ઉપપ્રમુખપદે સર્વાનુમતે ધારી વેપારી મહામંડળનાં પ્રમુખ ધારી તાલુકા ભાજપ ઉપપ્રમુખ અમરેલી જિલ્લા રઘુવીર



સેનાનાં મહામંત્રી એવા મુકેશભાઈ વ્રજલાલ રૂપારેલીયાની અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર્સ ઓફ કોમર્સનાં ઉપપ્રમુખપદે વરણી કરવામાં આવી છે. તો જીલ્લાભરનો વેપારીઆલમ અને રઘુવંશી સમાજમાંથી અભિનંદનની વર્ષા થઈ છે.

### સિંહોરમાં સૌથી વધુ પાંચ ઈંચ વરસાદ

# ગુજરાતમાં ૨૪ કલાકમાં મેઘાના જોરમાં ઘટાડો થયો

અમદાવાદ, તા.૧૨

મેઘરાજાએ બીજા રાઉન્ડમાં ધમાકેદાર બેટિંગ કર્યા બાદ હવે શાંત પડ્યા છે, બીજા રાઉન્ડમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ થયા બાદ ૨૪ કલાકમાં સૌથી વધુ ભાવનગરના સિંહોરમાં ૫ ઈંચ વરસાદ નોંધાયો છે.

મંગળવારના સવારના ૬ વાગ્યાથી બુધવારના સવારના ૬ વાગ્યા સુધીમાં ૨૪ કલાકમાં સૌરાષ્ટ્ર સહિત દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદ થયો છે. ૧૪ જેટલા તાલુકામાં 50mm કરતા વધારે વરસાદ થયો છે.

રાજ્યમાં પાછલા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ ભાવનગરના સિંહોર તાલુકામાં 128mm (૫ ઈંચ) જ્યારે બીજા નંબરે સૌથી વધુ વરસાદ સુરતના ઉમરપાડામાં 100mm (૩.૯ ઈંચ) વરસાદ થયો છે. આ સિવાય દક્ષિણ ગુજરાતના તાપીના વાલોડ (87mm), વલસાડના કપરાડા (80mm), છોટાઉદેપુરના બોડેલી (72mm), સુરતના પલસાણા (68mm) વરસાદ થયો છે. જ્યારે સૌરાષ્ટ્રના ભાવનગરના ઉમરાળા, તળાજામાં પણ હળવો વરસાદ નોંધાયો છે.

તારીખ ૧૦મી જુલાઈએ મેઘરાજાએ ઉત્તર ગુજરાતને ધમરોળ્યું હતું. જેમાં સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા સહિતના ભાગોમાં ભારે વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે આજે પણ રાજ્યમાં હળવાથી સામાન્ય તથા બહુ ઓછા ભાગમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતાઓ વ્યક્ત કરી છે. જેમાં દમણ, દાદરા નગર હવેલી, પાટણ, અરવલ્લી, અમદાવાદ, પંચમહાલ, દાહોદ, મહીસાગરમાં વરસાદની શક્યતાઓ છે. આ સિવાય સૌરાષ્ટ્રના રાજકોટ, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં પણ વરસાદની શક્યતાઓ છે. હવામાન વિભાગે તારીખ ૧૩થી ૧૭ દરમિયાન રાજયના અમદાવાદ, ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર તથા મધ્ય ગુજરાતના ભાગોમાં વરસાદની શક્યતાઓ વ્યક્ત કરી છે.

જેમાં અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, રાજકોટ, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

# અમરેલીની ટેકિનકલ ઇન્સ્ટિટયુટ ખાતે ૩૧ જુલાઇન સુધી પ્રવેશ ફોર્મ ભરી શકાશે

અમરેલી તા. ૧૨

અમરેલી સ્થિત કે.કે.પારેખ ટેકિનકલ ઈન્સ્ટિટયુટ ખાતે વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિવિધ સર્ટિફિકેટ કોર્ષમાં તા.૩૧ જુલાઈ, ૨૦૨૩ સુધી પ્રવેશ ફોર્મ ભરી શકાશે.

પ્રવેશ ફોર્મ વિતરણની મુદ્‌ત તા.૩૧ જુલાઈ, ૨૦૨૩ સુધી લંબાવવામાં આવી છે.

ઈલે. એપ્લા. એન્ડ કોમ્પ્યુટર ટેકિનશિયન (પ્રવેશ લાયકાત ધો. ૯ પાસ), ઈલે.મોટર રિવાઈન્ડીંગ એન્ડ સર્વિસીંગ (મોટર રિવાઈન્ડીંગ, પ્રવેશ લાયકાત ૯ પાસ), ડેસ્કટોપ પબ્લિશિંગ (ડી.ટી.પી. પ્રવેશ લાયકાત ધો.૧૦ પાસ), વાયરમેન (ઈ.આઈ.ડબલ્યુ. જે પ્રવેશ લાયકાત ધો.૯ પાસ)માં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ રૂબરૂ આવી જરૂરી અરજી પત્રક ભરવાનું રહેશે.

વધુ માહિતી માટે સંપર્ક નં.૨૨૨૪૬૭ પર સંપર્ક કરવાનો રહેશે ઉપરાંત પ્રવેશ ફોર્મ ફી રૂ.૧૫થી ફોર્મ મેળવી શકાશે, તેમ આચાર્ય, કે. કે. પારેખ ટેકિનકલ ઈન્સ્ટિટયુટ અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ગૌતમ અદાણીની નવી યોજના

# અનિલ અંબાણીના દેવાળિયા પાવર પ્લાન્ટસ પર નજર

નવી દિલ્હી, તા.૧૨

અદાણી ગ્રૂપના વડા ગૌતમ અદાણી પોતાના દરેક બિઝનેસને વિસ્તારી રહ્યા છે. હિન્ડનબર્ગ રિસર્ચના રિપોર્ટના કારણે અદાણી જૂથને પ્રચંડ આંચકો લાગ્યો હતો, પરંતુ હવે તેમાંથી તેઓ ધીમે ધીમે બહાર આવી રહ્યા છે. અબજો ડોલરની સંપત્તિના માલિક ગૌતમ અદાણી હવે દેવામાં ડુબેલા અનિલ અંબાણીના પાવર પ્લાન્ટ્સને ખરીદવાનું વિચારે છે. અનિલ અંબાણીના કોલસા આધારિત પાવર પ્લાન્ટ્સની હરાજી થવાની છે જેમાં ગૌતમ અદાણી બોલી લગાવી શકે છે. અનિલ અંબાણીની કંપનીઓ દેવું ભરવામાં નિષ્ફળ રહેતા ઈન્ડિયન બેંકરપ્સી કોર્ટ દ્વારા તેની હરાજી કરવામાં આવશે. અદાણી જૂથે તાજેતરમાં ૨.૮ અબજ ડોલરની નવી મૂડી એકઠી કરી છે. અદાણીને વિદર્ભ ઈન્ડસ્ટ્રીઝ પાવર લિમિટેડની ખરીદીમાં રસ છે જેની પ્રમોટર તરીકે અનિલ અંબાણીની કંપની રિલાયન્સ પાવર છે. વિદર્ભ ઈન્ડસ્ટ્રીઝ મધ્ય ભારતમાં ૬૦૦ મેગાવોટ વીજ ઉત્પાદનની ક્ષમતા ધરાવતા પ્લાન્ટ ધરાવે છે. હાલમાં આ યોજના પર વાતચીત ચાલે છે તેથી આગળ શું થશે તે નક્કી નથી. અદાણી અને રિલાયન્સ પાવર આ પ્લાનમાં આગળ ન વધે તે પણ શક્ય છે. અદાણી ગ્રૂપ હાલમાં પોતાના મુખ્ય ફોસિલ ફ્યુઅલ પ્રોજેક્ટને આગળ વધારવાની તૈયારી કરે છે.

તેઓ અદાણી કેપિટલમાં કન્ટ્રોલિંગ હિસ્સો વેચીને પણ ફંડ એકઠું કરવા વિચારે છે. બેન કેપિટલ અને કાર્લાઈલ ગ્રૂપે આ હિસ્સેદારી ખરીદવામાં રસ દેખાડ્યો છે. અદાણી જૂથની યોજનાઓ વિશે મીડિયામાં અહેવાલ આવી રહ્યા છે પરંતુ તેની પુષ્ટી થઈ નથી. આ વિશે અદાણી જૂથ કે રિલાયન્સ દ્વારા કોઈ સ્પષ્ટતા અથવા નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. અદાણી જૂથ જો અનિલ અંબાણીના પાવર પ્લાન્ટ ખરીદી શકશે તો તેની કોલ પાવર પ્રોજેક્ટની કેપેસિટી વધી જશે. સાથે સાથે ગ્રૂપના બિઝનેસ પર તે એક પોઝિટિવ અસર પણ પાડશે.

હિન્ડનબર્ગ રિસર્ચના રિપોર્ટ પછી ફેબ્રુઆરી ૨૦૨૩ મહિનામાં અદાણી જૂથને મોટી અસર થઈ હતી અને તેની માર્કેટ વેલ્યૂ ૧૫૦ અબજ ડોલર સુધી ઘટી ગઈ હતી. અનિલ અંબાણી દ્વારા વિદર્ભ ઈન્ડસ્ટ્રીઝની લીલામી કરવામાં આવશે તો તેમને મોટો ફટકો પડશે. એક સમયે તેઓ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના વડા મુકેશ અંબાણીની બરાબરીમાં આવી શકે તેવા ટોચના ઉદ્યોગપતિ હતા, પરંતુ કેટલાક અયોગ્ય નિર્ણયોના કારણે તેમણે ભારે ખોટ સહન કરવી પડી છે અને હવે તેઓ દેવું ઉતારવા માટે મથી રહ્યા છે. તાજેતરમાં ફેમાના નિયમોના ભંગના એક કેસમાં અનિલ અંબાણી અને તેમના પત્ની ટીના અંબાણીની ઈડી દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી.

# લીલીયામોટા ખાતે ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીના જન્મદિને વૃક્ષોની કલમોનું વિતરણ







લીલીયા મોટાની શ્રી પ્રગતિ સેવિગ્ઝ એન્ડ ક્રેડીટ કો.ઓ.સો.લી. દ્વારા દિલીપભાઈ સંઘાણીનાં ૭૦માં વર્ષની ઉજવણી નિમિત્તે આજ રોજ વૃક્ષારોપણ તથા ફળ ફળાદી વૃક્ષોની કલમોનું વિતરણનો કાર્યક્રમ ઉજવવામાં આવેલ. શ્રી પ્રગતિ સેવિગ્ઝ એન્ડ ક્રેડીટ કો.ઓ.સો.લી. દ્વારા દિલીપભાઈ સંઘાણીનાં ૭૦માં વર્ષને આખા વર્ષ દરમ્યાન દર મહિનાની ૧૨ તારીખે લોક ઉપયોગી કાર્યો દ્વારા ઉજવવાનું નકકી કરેલ. તે અનુસંધાને પ્રથમ કાર્યક્રમ જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કાર્યક્રમ તથા બીજો કાર્યક્રમ લીલીયા તાલુકાના બે હજાર જેટલા ઘરોમાં ફળફળાદી વૃક્ષોની કલમો જેવી કે, ચીકુડી, દાડમી, લીંબુડી, જામફળ, સિતાફળ વગેરે જેવા વૃક્ષોની કલમો આપવામાં આવેલ તેમજ સ્વામીનારાયણ મંદિર તથા સ્કુલ તથા લીલીયા મોક્ષધામ જેવા જાહેર સ્થળો ઉપર વડલો, પીપળો તથા ઉમરો, લીમડો, કરંજ જેવા વૃક્ષો રોપવામાં આવેલ. આ તકે જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલભાઈ દુધાત તથા જીલ્લા પંચાયતનાં સદસ્ય ભીખાભાઈ ધોરાજીયા, તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, મહામંત્રી ગૌતમભાઈ વિછીયા, યુવા મોરચાનાં પ્રમુખ આનંદભાઈ ધાનાણી, ડાયમંડ એસોશિયેશનનાં પ્રમુખ ભુપતભાઈ ધામત, સરપંચ જીવનભાઈ વોરા, ભેંસવડીનાં સરપંચ ભરતભાઈ ઠુંમર, તાલુકા પંચાયત વિરોધ પક્ષનાં નેતા રાશીભાઈ ડેર, તાલુકા પંચાયત સભ્ય ઘનશ્યામભાઈ મેઘાણી, અરજણભાઈ કેપ્ટન તથા અગ્રણીઓ ભીખાભાઈ કોટડીયા, ખોડાભાઈ માળવીયા, મનસુખભાઈ ગાંગડીયા, મગનભાઈ શિંગાળા, માવજીભાઈ લહેરી, ભરતભાઈ શેખલીયા, કલ્પેશભાઈ વિરાણી તથા શ્રી પ્રગતિ સેવિગ્ઝ એન્ડ ક્રેડીટ કો.ઓ.સો.લી.ના ડિરેકટર તુષારભાઈ ધોરાજીયા, ભરતભાઈ ગરણીયા, રમેશભાઈ ભાલાળા, ત્રિકમભાઈ શિંગાળા, બાલુભાઈ કિકાણી, ડૉ. કુંભાણી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ શ્રી પ્રગતિ સેવિગ્સ એન્ડ ક્રેડિટ કો.ઓ.સો.લી.નાં ચેરમેન ભાવેશભાઈ રાદડીયા, વાઈસ ચેરમેન પ્રકાશભાઈ વિરાણી તથા બોર્ડ ઓફ ડિરેકટર તથા મેનેજર ભદ્રેશ રાદડીયાએ સૌનો આભાર વ્યકત કરેલ. તેમ ઈમરાન પઠાણની યાદી માં જણાવેલ છે.

## સામાજિક કાર્યકર નાથાલાલ સુખડીયાએ કલેકટરને પત્ર પાઠવ્યો

# અમરેલીમાં ખનિજ ચોરી પ્રકરણમાં અમુક અધિકારીઓની મીઠી નજર

**શહેરની ગૌચરની જમીનમાંથી નિયમ વિરૂધ્ધ માટી ચોરી કરીને માર્ગ બનાવવામાં ઉપયોગ થયાનો આક્ષેપ**

**ભૂસ્તર અને નાની સિંચાઈ વિભાગ દ્વારા ખનિજ ચોરી પ્રકરણમાં આંખ આડા કાન કરાયા**

**ખનિજ ચોરીમાં મોટાગજાનાં રાજકીય અગ્રણીનાં કુટુંબીજનો હોવાથી સમગ્ર પ્રકરણને રફેદફે કરવાનો પ્રયાસ થયાનો પણ આક્ષેપ**

**જો 30 દિવસમાં તટસ્થ તપાસ ન થાય તો હાઈકોર્ટમાં જાહેર હિતની રીટ કરવાની ચીમકી આપી**

અમરેલી, તા. ૧૨

અમરેલીનાં આરટીઆઈ કાર્યકર્તા નાથાલાલ સુખડીયાએ કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી ગામની ગૌચર જમીન સર્વે નં. ૩૩૪ પૈકી ૫, હે.આરે. ૧૨–૨૭–૩૭ જમીનમાંથી ગેરકાયદેસર અમરેલી ચકકરગઢ રોડ ગામે જોડતો નોન પ્લાન રોડમાં રાજકીય અગ્રણીનાં પૌત્ર એન્જીનીયર છે. જેમાં કોન્ટ્રાકટર એજન્સી ધ્વારા કોઈપણ પરમીટ વગર ટાંચ (માટી) જમીનમાંથી ખોદકામ કરી લાખો રૂપિયાની મહામુલ્ય જમીનમાંથી માટી કાઢી મસ્ત મોટા ખાડા કરી ખનિજની ચોરી કરેલ છે. ચારથી પાંચ ટ્રેકટરો જેસીબીથી ખોદકામ કરતા હતા અને આ સમયે પોલીસ વિભાગના નેત્રમ સીસીટીવી કેમેરામાં વાહનોની હલન ચલન છેલ્લા પાંચ દિવસથી કેદ થયેલ છે અને તપાસ માટે ગયેલી ટીમ ધ્વારા આ વાહનોનું કોઈપણ પ્રકારનો દંડ કે કાર્યવાહી વગર મુકત કરી દેવામાં આવેલ. જે સંદર્ભે અમારી રજૂઆત બાબતે અમરેલી ભુસ્તર શાસ્ત્રી બહુમાળી ભવન–અમરેલી ધ્વારા તા. ૬/૭/૨૩નાં રોજ પત્ર ક્રમાંક નંબર ફરિયાદી/અમરેલી/૨૦૨૩/૧૬૬૪થી અમો ફરિયાદીને પત્ર પાઠવવામાં આવેલ અને તે પત્ર અન્વયે એવું જણાવવામાં આવેલ કે માટી ખનન કરનાર ઈસમો પાસે આધાર પુરાવાઓ માંગતા તેમણે નાયબ કાર્યપાલક ઈજનેર નાની સિંચાઈ પંચાયત પેટા વિભાગ–અમરેલીના હુકમ નં. ઈરી/વશી/સુફ.સુજ/પીબી/૨૬૬ થી ૨૬૭/૨૦૨૩, તા. ૧૯/૪/૨૩ પરવાનગી મેળવેલ હોવાનું જણાવવામાં આવેલું છે. તેમજ ખોદકામવાળી જગ્યા રોકડીયાપરા તળાવના નીચાણવાળા વિસ્તારનો

અનુસંધાન પાના ૬ ઉપર

**પાલિકાના શાસકોએ આગળનું દબાણ દુર કરવા કરેલી જાહેરાત પોકળ સાબિત થઇ**

# લ્યો બોલો : સાવરકુંડલામાં નાવલી નદીનાં કાંઠે પાલાધારકોએ પુનઃ માર્ગ તરફ પાલા વધારતા ટ્રાફિક સમસ્યા વિકરાળ બની

**પાલિકાના શાસકોએ પોલીસ વિભાગની મદદ લઇને વધારાનું દબાણ દુર કરવું જરૂરી**



સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા શહેરમાં દબાણ હટાવ બાદ હાઈકોર્ટના સ્ટે આધીન બેઠેલા પાલા ધારકો ફરી રોડ પર દબાણ કરીને સ્ટેટ હાઈવે બાધિત કામગીરીઓ કરતા નગરપાલિકા તંત્ર દ્વારા કોર્ટના સ્ટે વાળા પાલા ધારકોએ ફરી કરેલા દબાણો દૂર કરવા અન્યથા કાયદેસર કાર્યવાહી કરવાની માઈક ગાડી ફેરવીને સંતોષ માની લીધો છે.

હાઈકોર્ટનો સ્ટેનો સહારો લઈને પાલા ધારકો રોડ દબાણ કરીને ટ્રાફિક સમસ્યાઓ સર્જી રહ્યા છે ને પાલિકા તંત્ર નિદ્રાધીન અવસ્થામાં હોવાની પ્રતીતિ જોવા મળી રહી છે. પાલા ધારકો જાહેર રસ્તાઓ પર દબાણ કરીને પાલિકાતંત્રને ગાંઠતા ન હોય તેવું ફૂટના વેપારી, ફરસાણ વાળા અને શેરડીના રસના સિંચોડા વાળા મનમાની કરી રહ્યા છે જેને કારણે સૂકા પાછળ લીલું બળે તેવો ઘાટ ઘડાયો છે

અનુસંધાન પાના ૬ ઉપર

# સરંભડા નજીકનો પુલ જોખમી બન્યો



અમરેલીનાં ગ્રામ્ય વિસ્તારમાં ભારે વરસાદથી સરંભડા ગામ નજીક આવેલ શેત્રુંજી નદી ઉપરનાં પુલ ઉપરથી જીવનાં જોખમે ગામજનો પસાર થઈ રહ્યા હતા. જો કે પુલને નવો બનાવવાની મંજૂરી મળી હોય યુધ્ધનાં ધોરણે કામગીરી જરૂરી છે.

તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

**યુવાને મહિલા સાથે મૈત્રી કરાર કરતા**

# ઉનાનાં સનખડા ગામનાં યુવક ઉપર હુમલો કરી હત્યા નિપજાવી

**મહિલાએ પાંચ શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૨

ઉનાના સનખડા ગામના યુવાને મહિલા સાથે મૈત્રી કરાર કરેલ હોય જે મહિલાના પતિ અને મૃતક યુવકના ભાઈઓને પસંદ ન આવતા ફરિયાદી મહિલા અને મૃતક યુવકને માણેકપુર ગામે સાથે જોઈ જતા ફરિયાદી મહિલાના પતિ અને મૃતકના ભાઈઓએ ભેગા મળી હુમલો કરતા બનાવ હત્યામાં પલટતા નવાબંદર મરીન પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર ઉનાના સનખડા ગામે રહેતા દોલુભાઈ ધીરૂભાઈ ઝાલા ઉંમર વર્ષ ૪૦ એ જીતુભા ઉર્ફે જીજ્ઞા કનુભાઈ ભીમભાઈ ઝાલા નામની મહિલા સાથે મૈત્રી કરાર કરેલ હોય અને મૃતક દોલુભાઈ ધીરૂભાઈ ઝાલા જિતુબા ઉર્ફે જીજ્ઞાને ભગાડી ગયો હોય અને ત્યારબાદ સમાધાન પણ થયેલ હોય બાદમાં ફરી બંનેને માણેકપુર ગામે ભેગા જોઈ જતા જીતુબા ઉર્ફે જીજ્ઞાના પતિ કનુભાઈ ભીમભાઈ ઝાલા, જીલુભાઈ ભીમભાઈ ઝાલા, કથુભાઈ ધીરૂભાઈ ઝાલા, વિક્રમસિંહ ધીરૂભાઈ ઝાલા, રહે. સનખડા તથા વિજય ઉર્ફે વીજુ ઘુઘાભાઈ ગોહિલ રહે. સોંદરડી તા.ઉના વાળાઓએ દોલુભાઈ પર માણેકપુર ગામે બોલાચાલી કરેલ હોય અને ત્યારબાદ સનખડા ગામ પાસેની સીમ વિસ્તારમાં હુમલો કરતા યુવકને હાથ, પગ અને માથાના ભાગે ગંભીર

અનુસંધાન પાના ૬ ઉપર

**ભાજપ સરકારના બૌદ્ધિકોએ શિક્ષકનું નવુ નામકરણ કર્યુ**

# શરૂઆતમાં શિક્ષક, બાદમાં વિદ્યાસહાયક અને પ્રવાસી શિક્ષક અને હવે, જ્ઞાન સહાયક શિક્ષક

**શિક્ષકોના નામ નહીં પરંતુ કામ બદલવાથી શિક્ષણ સુધરશે**

અમદાવાદ, તા. ૧૨

ભાજપા સરકારના બૌદ્ધિકોએ શિક્ષકનું વધુ એક નામ શોધીને પાડયુ... "જ્ઞાન સહાયક", શિક્ષણ ગુણવત્તા સુધારવાનો ઉકેલ છે?

શિક્ષક, વિદ્યા સહાયક – શિક્ષક, પ્રવાસી – શિક્ષક અને હવે જ્ઞાન સહાયક – શિક્ષક

ભાજપા સરકારના ૨૫ વર્ષનું શાસન અનુભવ અને શિક્ષણ વિભાગનો ૧૦ જુલાઈ ૨૦૨૩નો પરિપત્ર ભાજપાની કરની અને કથનીના તફાવતનો પર્દાફાસ કરે છે. રાષ્ટ્રીય શિક્ષણ નિતી – ૨૦૨૩

અનુસંધાન પાના ૬ ઉપર


પ્રવેશ કાર્ય શરૂ છે
આર્ટસ કોલેજનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ કાર્ય શરૂ છે
DMLT માં પ્રવેશ કાર્ય શરૂ છે
કોન્ટેક્ટ નંબર : ૯૪૨૭૭૨ ૪૯૨૫૬ ૯૯૨૫૬ ૯૦૦૫૫
જોઈએ છે
(૧) કમ્પ્યુટર ઓપરેટર – ૦૨
(૨) કલાર્ક – ૦૨
(3) લાયબ્રેરીયન – 01
શ્રી મુકેશ જાની આર્ટસ કોલેજ
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
માં/આયુષ્માન ભારત કાર્ડ હેઠળ ઘુંટણ બદલવાનું
ઓપરેશન તદ્દન મફત
શુ તમને ઘૂંટણમાં દુઃખાવાને કારણે ચાલવામાં તકલીફ પડે છે ?
શુ તમારા મનમાં ઘૂંટણના સાંધા બદલવા વિશે કોઈ ડર કે પ્રશ્ન છે ?
શુ તમને ઘૂંટણનો સાંધો બદલવાની સલાહ આપવામાં આવી છે ?
Before After
24/7 Emergency Services
ડૉ. અંકિત ગાબાણી
(M.B.B.S., D.ORTHO)
ઓર્થોપેડીક -જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
ઇમરજન્સી માટે સંપર્ક કરો
99789 66629
99045 93355
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧
ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬, ૨૨૦૬૨૦

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
જે જોઈએ તે મેળવીને જંપવું એ કદાચ સફળ માણસની નિશાની છે, પણ જે મળ્યું હોય એમાં હસતો ચેહરો રાખીને જીવવું એ સુખી માણસની નિશાની છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

LG Life's Good.
Welcome Monsoon
Hurry!
₹1 ભરીને વસાવો
*T&C Apply
Range Available from 7 KG to 12 KG Capacity
Range Starts From ₹37990
9 kg
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)